અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

12 NOVEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 131 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  અમે ભારત સાથે નવા વેપાર કરારની નજીક છીએ, રશિયન તેલ ખરીદી પર ધીમે-ધીમે ટેરિફ ઘટાડશે

4  શું હતી મંદાકિનીની મનોવ્યથા?? કે એણે લાલજીનાં શણગાર ઉતારી લીધાં!

6  સમ્રાટ રાણાએ વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો : ભારત નવ મેડલ સાથે બીજા સ્થાને રહ્યું....

7  IPOના શેરોના લિસ્ટિંગમાં ડિસ્કાઉન્ટ બોલાવા લાગતાં રોકાણકારોમાં પ્રવર્તી રહેલી નિરાશા...


## દિલ્હી બ્લાસ્ટ અંગે કોંગ્રેસનો સવાલ

# સાત મહિનામાં 41 ભારતીયોના મોત, સુરક્ષામાં ચૂક માટે જવાબદાર કોણ?

### સાત મહિના પહેલા જ પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો છે, કોની જવાબદારી છે?


**નવીદિલ્હી, તા.11**

દિલ્હી બ્લાસ્ટ મામલે વિપક્ષોએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળ ગૃહમંત્રી અમિત શાહ પાસે જવાબ માંગી રહ્યા છે. કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'અમિત શાહ અસફળ ગૃહમંત્રી છે. સાત મહિનામાં ૪૧ ભારતીયો માર્યા ગયા છે. દિલ્હીમાં બ્લાસ્ટની ઘટના પાછળ કોણ જવાબદાર છે?

સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'રાજધાની દિલ્હીમાં વિસ્ફોટની ઘટામાં ૧૦ લોકોના મોત થયા છે. ગઈકાલે ફરીદાબાદમાંથી ૩૬૦ કિલો વિસ્ફોટક પકડાયો હતો. આ વિસ્ફોટ સામગ્રી ત્યાં કેવી રીતે પહોંચી? બહુ મોટી ઘટના થવાની સંભાવના હતી. સાત મહિના પહેલા જ પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો છે. કોની જવાબદારી છે?

તેમણે વધુમાં કહ્યું કે, 'ગૃહમંત્રી ક્યાં છે? વડાપ્રધાન ક્યાં છે? ભારતીયોની નિર્દયતાથી હત્યા થઈ રહી છે, છતાં બંને નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે અને કોઈ જવાબદારી પણ નથી. સાત મહિનામાં ૪૧ ભારતીયોને મારી નખાયા છે. અમિત શાહ







અસફળ ગૃહમંત્રી છે. દિલ્હી પોલીસ કોના નિયંત્રણ હેઠળ છે? સરહદ સુરક્ષા માટે કોણ જવાબદાર છે? IBને કોણ રિપોર્ટ કરે છે? મોટી મોટી વાતો કરવાથી તમારી નિષ્ફળતા અને સુરક્ષામાં વારંવાર ચૂક ક્યારે છુપાશે નહીં. જો નિર્દોષ લોકોના મોત થશે, તો અવાજ ઉઠાવવામાં આવશે. જવાબદારી નક્કી કરાશે, કારણ દેશ સુરક્ષિત હાથોમાં નથી.'

કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે, 'બ્લાસ્ટની ઘટનાને ઘણો સમય વીતી ગયો છે, અફવાઓ વધુ ન ફેલાય તે માટે ગૃહમંત્રીએ માહિતી આપવી જોઈએ. ગૃહમંત્રી સુરક્ષા પર ધ્યાન રાખી રહ્યા નથી, તેઓ ચૂંટણી રાજ્યમાં એક હોટલમાં બેઠા છે અને તેઓ સીસીટીવીથી બચી રહ્યા છે. જ્યારે પહલગામમાં હુમલો થયો હતો, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાની યાત્રા છોડીને આવી ગયા હતા. હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો તો તેઓ ભૂતાન જતા રહ્યા છે. જો તેઓ વડાપ્રધાન હોત, તો તેમને દેશની ચિંતા હોત, વાતચીત વર્ચ્યુઅલ રીતે પણ થઈ શકી હોત.'

દિલ્હી બ્લાસ્ટ મામલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે પણ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, 'ભારતને મજબૂત ગૃહમંત્રીની જરૂર છે. શું આપણી સરહદ અને શહેરોની રક્ષા કરવાની જવાબદારી અમિત શાહની નથી? તે બધી બાબતોમાં આટલો ખરાબ રીતે કેમ નિષ્ફળ જઈ રહ્યો છે?'

ઉલ્લેખનીય છે કે, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન-૧ પાસે કારમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન કારની આસપાસના અનેક વાહનો વિસ્ફોટ અને આગની ઝપેટમાં આવી ગયા હતા. ઘટનામાં ૧૦ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે, આસપાસની બિલ્ડિંગો અને મંદિરોના કાર પણ તૂટી ગયા હતા. એટલું જ નહીં વિસ્ફોટમાં એક વ્યક્તિ છેક વૃક્ષ પર પડ્યો હતો. તપાસ એજન્સીઓની નજર પડતા યુવક મૃત હાલતમાં વૃક્ષ પર લટકેલો જોવા મળ્યો હતો.

# દિલ્હી બ્લાસ્ટ મામલે ભૂટાનમાં ભાવુક થયા PM મોદી

- **ભારે મનથી અહીં આવ્યો, ગુનેગારોને છોડવામાં આવશે નહીં**

**થિમ્પુ, તા.11**

દિલ્હી વિસ્ફોટ અંગે PM મોદીએ કહ્યું કે આ ઘટનામાં સંડોવાયેલા લોકોને બક્ષવામાં આવશે નહીં. મોદી આજે બે દિવસની મુલાકાતે ભૂટાન પહોંચ્યા છે. તેમણે પોતાના ભાષણમાં કહ્યું કે તેઓ ભારે મન સાથે અહીં આવ્યા છે. ગઈકાલે સાંજે દિલ્હીમાં બનેલી ભયાનક ઘટનાએ બધાને દુ:ખી કર્યા છે. મોદીએ વધુમાં કહ્યું કે, 'આ ષડયંત્ર પાછળ જે કોઈ પણ છે તેને બક્ષવામાં આવશે નહીં. જવાબદારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. અમારી એજન્સીઓ આ ષડયંત્રના તળિયે પહોંચશે.' સોમવારે દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટ અંગે મોદી ભાવુક થયા હતા. તેમણે માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી અને ગુનેગારોને સજા અપાવવાની વાત કરી હતી.




સોમવારે સાંજે 6:52 વાગ્યે, લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર 1 પાસે એક ચાલતી કારમાં એક વિસ્ફોટ થયો હતો. અત્યાર સુધીમાં 12 લોકોના મોત થયા છે, અને 24 ઘાયલ થયા છે.

દિલ્હી પોલીસે વિસ્ફોટના સંદર્ભમાં (UAPA) હેઠળ FIR નોંધી છે. સુરક્ષા એજન્સીઓએ આત્મઘાતી હુમલાના એંગલની પણ તપાસ શરૂ કરી છે. જો કે, ઘટનાસ્થળે RDXના કોઈ પુરાવા મળ્યા નથી. ભૂટાનના રાજાએ થિમ્પુના ચાંગલિમથાંગ સ્ટેડિયમમાં હજારો ભૂટાનીઓ સાથે દિલ્હી વિસ્ફોટોના પીડિતો માટે પ્રાર્થના કરી હતી. મોદીએ કહ્યું કે 'વસુધૈવ કુટુંબકમ' ભારતમાં અમારા પૂર્વજોની પ્રેરણા રહી છે. તેનો અર્થ એ છે કે આખું વિશ્વ એક પરિવાર છે. પીએમએ કહ્યું કે ભારતે આ ભાવના સાથે ભૂટાનમાં ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. આજે, વિશ્વભરના સંતો વિશ્વ શાંતિ માટે સાથે મળીને પ્રાર્થના કરી રહ્યા છે, અને આ પ્રાર્થનાઓમાં 140 કરોડ ભારતીયોની પ્રાર્થનાઓનો સમાવેશ થાય છે. મોદીએ વધુમાં કહ્યું, આજે હું આ મંચ પરથી બીજી એક મહત્વપૂર્ણ જાહેરાત કરી રહ્યો છું. ભવિષ્યમાં, ભારત મુલાકાતીઓ અને રોકાણકારોની સુવિધા માટે ગેલેફુ નજીક એક ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પણ બનાવશે. PM મોદીએ આધુનિક ભૂટાનની રાજધાની થિમ્પુમાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના દર્શન કર્યા. ભારત સરકારે આ અવશેષો વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવ માટે 'સદ્ભાવના ભેટ' તરીકે ભૂટાનને મોકલ્યા હતા. આ ઉત્સવ થિમ્પુમાં 4 થી 19 નવેમ્બર, 2025 દરમિયાન યોજાઈ રહ્યો છે, જે ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકના 70મા જન્મદિવસ (11 નવેમ્બર) નિમિત્તે યોજાઈ રહ્યો છે. ભૂટાન-ભારત સંબંધો અંગે મોદીએ કહ્યું- અમે ભૂટાન સાથે મળીને સેટેલાઈટ બનાવી રહ્યા છીએ. આ ભારત અને ભૂટાન બંને માટે ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ છે.' મોદીએ વધુમાં કહ્યું કે ભારત-ભૂતાન સંબંધોની એક મોટી તાકાત આપણા લોકો વચ્ચેના આધ્યાત્મિક સંબંધો છે. બે મહિના પહેલા, ભારતના રાજગીરમાં રોયલ ભૂટાનીઝ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. હવે, આ પહેલ ભારતના અન્ય ભાગોમાં પણ લાગુ કરવામાં આવી રહી છે. ભૂટાનના લોકો લાંબા સમયથી વારાણસીમાં ભૂટાન મંદિર અને ધર્મશાળા ઈચ્છતા હતા. ભારત સરકાર આ માટે જમીન આપી રહી છે. મોદીએ કહ્યું, 'આ મંદિરો દ્વારા, આપણે આપણા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. હું ઈચ્છું છું કે ભારત અને ભૂટાન શાંતિ, સમૃદ્ધિ અને સહિયારી પ્રગતિના માર્ગ પર આગળ વધતા રહે.

# બિહારમાં મતદાન પૂર્ણ, 5 વાગ્યા સુધી રેકોર્ડ 67.14% મતદાન નોંધાયો

### બગાહામાં 15 હજાર લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો, જમુઈ, અરરિયા અને નવાદામાં અથડામણ

**પટના, તા.11**

બિહાર વિધાનસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થયું. જોકે, કતારોમાં ઉભેલા મતદારો મતદાન કરી શકશે. 4,109 સંવેદનશીલ બૂથ પર સાંજે 5 વાગ્યા સુધી મતદાન ચાલુ રહ્યું. છેલ્લા તબક્કામાં, 20 જિલ્લાઓની 122 બેઠકો પર સાંજે 5 વાગ્યા સુધી 67.14% મતદાન થયું. મુસ્લિમ બહુમતી ધરાવતા કિશનગંજમાં સૌથી વધુ 76.26% મતદાન નોંધાયું.

બમ્પર મતદાન અંગે, કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ દાવો કર્યો કે તેઓ બીજા તબક્કામાં 122 બેઠકોમાંથી 80 બેઠકો જીતશે. તેજસ્વી યાદવે કહ્યું કે લોકો મોટી સંખ્યામાં મતદાન કરી રહ્યા છે. હું અભિભૂત છું.

કિશનગંજ, જમુઈ સહિત 5 જિલ્લામાં 6 બૂથ પર EVM ખરાબ થવાને કારણે મતદાન મોડું શરૂ થયું. પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે કહ્યું, 'જાણીજોઈને EVMમાં ખરાબીની વાત કહેવામાં આવી રહી છે, જેથી મતની ચોરી થઈ શકે.'

બીજા તબક્કામાં 12 મંત્રી સહિત 1302 ઉમેદવાર મેદાનમાં છે, જેમની કિસ્મતનો નિર્ણય 3.70 કરોડ મતદારો કરશે.

20 જિલ્લાનાં 45,399 બૂથ પર મતદાન થઈ રહ્યું છે, જેમાં 4,109 બૂથને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યાં છે. સંવેદનશીલ બૂથો પર સાંજે 4થી 5 વાગ્યા સુધી મતદાન થશે. જ્યારે અન્ય બૂથો પર સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. પરિણામો 14 નવેમ્બરના રોજ આવશે.

બાંકાના કટોરિયામાં બૂથ નંબર 76 પર EVM ખામીને કારણે દોઢ કલાક મોડું મતદાન શરૂ થયું.

કિશનગંજમાં બૂથ નંબર 299 પર EVM ખામીને કારણે 45 મિનિટ મોડું મતદાન શરૂ થયું.

બાંકામાં લોકોએ પંચાયત ભવન બનાવવાની માગણી સાથે મતદાનનો બહિષ્કાર કર્યો.

ઔરંગાબાદના ઓબરામાં દાઉદનગર બૂથ પર EVM ખરાબ થવાને કારણે મતદાન 40 મિનિટ મોડું શરૂ થયું.

જમુઈના ચકાઈ વિધાનસભા મતવિસ્તારના બૂથ નંબર 301 પર VVPAT મશીન ખરાબ થવાને કારણે મતદાન 40 મિનિટ મોડું શરૂ થયું. રક્સૌલમાં નેપાળ સરહદ પર કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

# દિલ્હી બ્લાસ્ટ અંગે મોટો નિર્ણય, કેસની તપાસ NIA ને સોંપાઈ, કાશ્મીરથી ત્રણની અટકાયત

**નવીદિલ્હી, તા.11**

દિલ્હીમાં આતંકી ષડયંત્રની ગંભીર આશંકા વચ્ચે એક ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી છે. 10 નવેમ્બરની સાંજે લાલ કિલ્લાથી માત્ર 300 મીટર દૂર મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં શરુઆતમાં 8 લોકોના મોત થયા હતા, જેનો મૃત્યુઆંક આજે વધીને 13 પર પહોંચી ગયો છે. હવે આ ગંભીર કેસની તપાસ હવે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ને સોંપવામાં આવી છે, જે આ મામલે આતંકી કાવતરાના એંગલથી તપાસ શરુ કરશે.

અહેવાલો અનુસાર, દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે અને તપાસ NIAને સોંપી દીધી છે. મંગળવારે (11મી નવેમ્બર) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી જેમાં વિસ્ફોટની તપાસ NIA પાસે કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, દિલ્હી બ્લાસ્ટ મામલે પોલીસે જમ્મુ અને કાશ્મીરમાંથી ત્રણ શંકાસ્પદોની અટકાયત કરી છે. તારિક અહેમદ મલિક (ગુલામ અહેમદ મલિકનો પુત્ર) એટીએમ ગાર્ડ છે. આમિર રાશીદ અને ઉમર રાશીદની અટકાયત કરાઈ છે, આ ત્રણેય પુલવામા જિલ્લાના રહેવાસી છે. અહેવાલો અનુસાર, તારિક અહેમદ અને આમિર રાશીદને શ્રીનગર લાવવામાં આવ્યા છે.

# દિલ્હી બ્લાસ્ટ: ઘટનાસ્થળેથી 42 પુરાવા એકત્ર કરાયા

### i20 કારના પાર્ટ્સ પણ સામેલ, દાવો- ડૉ. ઉમર વિસ્ફોટ પહેલા 3 કલાક મેટ્રો પાર્કિંગમાં રહ્યો

**નવીદિલ્હી, તા.11**

સોમવારે સાંજે દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ લગભગ 20 કલાક પછી NIAને સોંપવામાં આવી હતી. દરમિયાન, મંગળવારે મૃતકોની સંખ્યા વધીને 12 થઈ ગઈ છે, જેમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં બે મૃતદેહોની ઓળખ થઈ ગઈ છે. બાકીના લોકોની ઓળખ DNA ટેસ્ટથી કરવામાં આવશે. 20 ઘાયલોની સારવાર ચાલુ છે. સોમવારે



સાંજે લગભગ 6:52 વાગ્યે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર 1 પાસે થયેલા વિસ્ફોટમાં વપરાયેલી સફેદ i20 કારના CCTV ફૂટેજ આજે સામે આવ્યા છે. મેટ્રો સ્ટેશન પાર્કિંગમાંથી બહાર નીકળતી વખતે કાળો માસ્ક પહેરેલો એક વ્યક્તિ કારમાં બેઠો જોવા મળ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, કારમાં બેઠેલા વ્યક્તિનું નામ પુલવામાના રહેવાસી ડૉ. મોહમ્મદ ઉમર નબી છે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે તેણે વિસ્ફોટકોથી પોતાને ઉડાવી દીધો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસે DNA પરીક્ષણ માટે પુલવામામાં તેના માતા-પિતા અને બે ભાઈઓની અટકાયત કરી છે. ઉમરના મિત્ર ડૉ. સજ્જાદની પણ પુલવામામાં અટકાયત કરવામાં આવી હતી. તેના એક દિવસ પહેલા જ લગ્ન થયા હતા. દરમિયાન, હરિયાણાના ફરીદાબાદમાં ડૉ. શાહીન શાહિદ નામની એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# કોંગ્રેસની "કિસાન આક્રોશ યાત્રા" નું રાજકોટમાં આગમન

## નેતાઓ અને આગેવાનો ટ્રેક્ટર ચલાવી રેલીમા જોડાયા, ખેડૂતોની દેવામાફીની માગ સાથે સૂત્રોચ્ચાર

રાજકોટ, તા.11

રાજ્યમા કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે ત્યારે સરકાર દ્વારા 10,000 કરોડનું ખાસ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે જેને વિપક્ષ દ્વારા 'લોપીપોપ' કહેવામાં આવી રહી છે. વિપક્ષ દ્વારા પણ ખેડૂતોને સહાય અને પાકધિરાણ માફ કરવાના મુદ્દે આક્રમક વલણ દાખવી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખરીફ સિઝનમાં લણણીના સમયે જ કમોસમી વરસાદ વરસતા ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમા નુકશાન થયું છે ખાસ કરીને મગફળી, સોયાબીન, કપાસ સહિતના પાકોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.





ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના તમામ પ્રશ્નો ધ્યાને લઈ તેમના હક્ક માટે "કિસાન આક્રોશ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનું આજે રાજકોટ ખાતે આગમન થતા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. માધાપર ચોકથી લોકો બાઈક અને ટ્રેક્ટર લઈ રેલીમાં સાથે જોડાયા હતા અને ખેડૂત એકતા જિંદાબાદના નારા પણ લગાવવામાં આવ્યા હતા.

કોંગ્રેસના નેતા લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સરકારે ખેડૂતો માટે જે સહાય પેકેજ જાહેર કર્યું છે તે મજાક સમાન છે. ખેડૂતોને મોલ વાવવા માટે એક વીઘે 15,000થી વધુ તો માત્ર ખર્ચ આવે છે ત્યારે સરકારે 3500 રૂપિયાની સહાય આપીને ક્રૂર મજાક કરી છે. છેલ્લા એક અઠવાડિયામાં સૌરાષ્ટ્રમા ચાર-ચાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે ત્યારે સરકારના પેટમાં પાણી નથી હલતું તે વાતનું દુઃખદ થાય છે. જ્યાં સુધી સરકાર ખેડૂતોનું સપૂર્ણ દેવુ માફ નહીં કરે ત્યાં સુધી કોંગ્રેસ નવા નવા આંદોલનો ચાલુ જ રાખશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સરકારને માત્ર ઉદ્યોગપતિઓ જ દેખાય છે એટલે જ એમના કરોડના દેવા માફ કરે છે અને ખેડૂતોની સામે પણ નથી જોતી તે શર્મજનક વાત છે. આ યાત્રા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાંથી પસાર થઈ અને ખેડૂતો, ખેત મજૂરો, સાગર ખેડુઓ તથા પશુપાલકોની મુશ્કેલીઓ અને હકોની માંગને સરકાર સુધી પહોચાડવાનો મુખ્ય ધ્યેય છે.

રાજ્યમાં અતિવૃષ્ટિ, વાવાઝોડા અને કમોસમી વરસાદને કારણે મગફળી, કપાસ, ડાંગર, સોયાબીન, ડુંગળી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. જેને લઈ વિપક્ષનો સ્પષ્ટ આક્ષેપ છે કે સરકાર માત્ર જાહેરાતો કરે છે, પરંતુ ખેડૂતોને ચુકવણી સમયે ફક્ત 30 થી 35 ટકા સહાય જ મળી રહી છે ઉપરાંત વર્ષ 2020થી પાકવિમા યોજના બંધ હોવાથી ખેડૂત સંપૂર્ણપણે સરકારની દયા પર નિર્ભર બન્યા છે. જે સ્પષ્ટ કરે છે કે ખેડૂતો પ્રત્યે કુદરત રૂઠી છે આમ છતાં સરકાર સૂતી છે.

### કોંગ્રેસ પક્ષની 8 મુખ્ય માંગણીઓ

1 ખેડૂતોનું દેવું માફ કરો : જેમ મનમોહનસિંહ સરકારે 72,000 કરોડ ખેડૂતોના દેવા માફ કર્યા હતા તેમ જ ગુજરાતના ખેડૂતોના દેવા પણ પૂર્ણ માફ કરવામાં આવે.

2 પાકવિમા યોજના તાત્કાલિક શરૂ કરો : જે 2020થી ગુજરાતમાં બંધ છે પરંતુ દેશના બાકીના રાજ્યોમાં ચાલુ છે.

3 ખેડૂતોને સીધી સહાય : કમોસમી વરસાદના કારણે મગફળીમાં ભેજ વધુ છે તેથી ટેકાના ભાવના માપદંડમાં રાહત આપવી અથવા દર ખેડૂતને રૂ.1,35,000 થી રૂ.1,50,000 સુધીની સહાય સીધી જમા કરવી.

4 ખોટી જમીન માપણી રદ્દ કરો, ભાઈ-ભાઈ વચ્ચે ઝગડા ઊભા કરનાર ખોટી જમીન માપણી સંપૂર્ણપણે રદ્દ કરવી.

5 જમીન સંપાદન કાયદામાં સુધારણા, ઉદ્યોગપતિઓ માટે 2013નો કાયદો રદ્દ કર્યો છે sખેડૂતોની જમીન અને સોલાર, વિન્ડ ફાર્મ કંપનીઓની દાદાગીરી સામે કડક નીતિ બનાવવી.

6 નકલી બિયારણ-દવા પર લગામ, નકલી ખાતર, દવા, બીજના માફિયાઓ સામે કડક કાર્યવાહી કરીને ગુણવત્તાયુક્ત ખાતરની સુલભતા સુનિશ્ચિત કરવી.

7 પશુપાલકોને સહાય: પશુદાણ, ઘાસચારો અને દૂધમાં સબસીડી આપવી હિમાચલની જેમ દૂધના ટેકાના ભાવ નક્કી કરવા.


8 સાગર ખેડુઓ અને ખેતમજૂરો માટે વળતર:કમોસમી વરસાદના કારણે સાગર ખેડુઓ અને ભાગીયું વાવેતર ધરાવતા મજૂરોને પણ વળતર આપવું.

# સુરતીઓ રોજ 200 કિલો નકલી પનીર ઝાપટતાં, સુરભી ડેરીનો ભાંડો-ફૂટ્યો: 955 કિલો જપ્ત, 'માલિકે સ્વીકાર્યું કે નકલી હતું'

સુરત, તા.11

સુરતમાં ધીમા ઝેરના નેટવર્કનો પર્દાફાશ થયો છે. સુરતની જાણીતી 'સુરભી ડેરી' ના બે યુનિટ પર દરોડા પાડી એસઓજીએ કુલ 955 કિલોગ્રામ શંકાસ્પદ નકલી પનીરનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. જ્યારે આ ડેરી રોજેરોજ 200 કિલો નકલી પનીર બજારમાં મોકલતી હતી. સૌથી ગંભીર બાબત એ છે કે, ડેરીના સંચાલકે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જ કબૂલી લીધું હતું કે આ પનીર નકલી છે. આ ડેરી રોજેરોજ આશરે 200 કિલો નકલી પનીર સુરતના બજારમાં ઠાલવી રહી હતી, જે અસલી પનીરના ભાવ કરતાં અડધી કિંમતે 250થી 270 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતું હતું. જેમાં નકલી પનીર બનાવવા ગ્લેશિયલ એસેટિક એસિડનો ઉપયોગ કરતાં. આ એસિડનો ઉપયોગ દૂધને ફાડીને ઝડપથી પનીર બનાવવા માટે થતો હોવાની આશંકા છે, જે સ્વાસ્થ્ય માટે ગંભીર નુકસાનકારક છે.

સુરત એસઓજીના ડીસીપી રાજદીપ સિંહ નકુમને બાતમી મળી હતી કે શહેરમાં કેટલાક તત્વો નકલી ડેરી ઉત્પાદનો વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા કરી રહ્યા છે. આ બાતમીના આધારે, SOGની ટીમે સુરત મહાનગરપાલિકાના ફૂડ એન્ડ



ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સાથે રાખીને 'સુરભી ડેરી' પર તવાઈ બોલાવી હતી, જે મૂળ અડાજણની હોવાનું જાણવા મળ્યું છે. સૌ પ્રથમ સુરતના ખટોદરા પોલીસ હદ વિસ્તારમાં આઈ.એન.એસ. હોસ્પિટલની પાછળ આવેલા સોરઠીયા કંપાઉન્ડમાં દુકાન નંબર 434 ખાતેના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો.

આ ગોડાઉન 'સુરભી ડેરી' દ્વારા વિતરણ કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતું હતું. દરોડા સમયે, ગોડાઉન પર ડેરીના સંચાલક શૈલેષભાઈ છગનભાઈ પટેલ હાજર મળી આવ્યા હતાં. પોલીસે જ્યારે ગોડાઉનની તલાશી લીધી, ત્યારે ત્યાંથી 755.621 કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો મળી આવ્યો, જેની કિંમત રૂપિયા 1,81,343 આંકવામાં આવી છે. આ પનીર પ્લાસ્ટિકના પેકિંગમાં વેચાણ માટે તૈયાર રખાયું હતું. પોલીસે શૈલેષભાઈની કડકાઈથી પૂછપરછ કરતાં, તેમણે કબૂલ્યું કે આ તમામ જથ્થો વેચાણ માટે તેમના મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટ, જે ઓલપાડના સાયણ ખાતે આવેલું છે, ત્યાંથી મંગાવવામાં આવ્યો હતો. ખટોદરાથી મળેલી માહિતીના આધારે, SOGની ટીમ, ફૂડ સેફ્ટી ઓફિસર અને ઓલપાડ પોલીસને સાથે રાખીને તાત્કાલિક ઓલપાડ તાલુકાના સાયણ ખાતે, શેખપુર ફાટકની બાજુમાં આવેલ લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝના પ્લોટ નંબર 1, 2, અને 3 પર ધસી ગઈ હતી. આ 'સુરભી ડેરી'નું મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટ હતું, જ્યાં આ ધીમા ઝેરનું ઉત્પાદન થતું હતું. ફેક્ટરી પર દરોડા સમયે, ડેરીના ભાગીદાર અને મુખ્ય સંચાલક કૌશિકભાઈ વલ્લભભાઈ પટેલ હાજર મળી આવ્યા હતાં. અહીંનું દ્રશ્ય જોતાં ફેક્ટરીમાંથી નકલી પનીર બનાવવા માટે વપરાતી સામગ્રી અને અન્ય શંકાસ્પદ ડેરી ઉત્પાદનોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કૌશિકભાઈ પટેલને સાથે રાખીને ફેક્ટરીની તલાશી લેતા, ત્યાંથી શંકાસ્પદ ડીલાઈટ તૈયાર બટરનો 420 કિલોગ્રામ જથ્થો (કિંમત રૂ. 58,800), 600 લિટર શંકાસ્પદ દૂધ (કિંમત રૂ. 43,200), 90 લિટર શંકાસ્પદ તેલ (કિંમત રૂ. 13,509) અને વધુ 200 કિલોગ્રામ શંકાસ્પદ પનીર (કિંમત રૂ. 4800) મળી આવ્યું હતું.

## બીલીમોરામાં SMC અને બિશ્નોઇ ગેંગ વચ્ચે ફાયરિંગ

# મિની સોમનાથ મંદિર પાસે આરોપીઓએ ગોળીબાર કર્યો પોલીસે સ્વબચાવમાં એકને પગમાં ગોળી ધરબી, ત્રણની ધરપકડ

નવસારી, તા.11

નવસારીના બીલીમોરામાં સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC)ની ટીમ અને બિશ્નોઈ ગેંગ વચ્ચે ફાયરિંગ થયાની ઘટના સામે આવી છે. હથિયારની આપ-લે કરવા માટે આરોપીઓ હોટલમાં રોકાયા હોવાની માહિતી મળતાં SMC પહોંચી હતી. જ્યાં હાજર બે આરોપીને ઝડપીને પૂછપરછ કરતાં અન્ય બે આરોપીએ મિની સોમનાથ મંદિરે હોવાનું જાણવા મળતાં SMCની ટીમ મંદિરે પહોંચી હતી, જ્યાં હાજર આરોપીઓએ ગોળીબાર કરતાં પોલીસે પણ સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું, જેમાં એક આરોપીને પગમાં ગોળી વાગતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ SMCને બાતમી મળી હતી કે મૂળ રાજસ્થાનના અને હાલ નવસારીના બીલીમોરામાં રહેતા બિશ્નોઇ ગેંગના બે શખસને એક હરિયાણા અને એક મધ્યપ્રદેશનો શખસ હથિયાર આપવા આવ્યા છે અને એ અનુકૂળ હોટલમાં રોકાયા



છે, જેથી બાતમીના આધારે SMCની ટીમે દરોડો પાડ્યો હતો, જોકે ત્યાં રાજસ્થાનના બે આરોપી જ મળ્યા હતા, જેમને ઝડપીને પોલીસે પૂછપરછ કરતાં અન્ય બે આરોપી નજીકમાં આવેલા મિની સોમનાથ મંદિરે દર્શન કરવા ગયા હોવાનું જણાવ્યું હતું.

હરિયાણા અને મધ્યપ્રદેશથી આવેલા બે આરોપી મંદિરે હોવાથી SMC ટીમ મંદિરે પહોંચી હતી, જ્યાં પોલીસને જોઈને આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને સાથે એક આરોપીએ પોલીસ ઉપર ગોળીબાર કર્યો હતો, જેથી સ્વ બચાવમાં પોલીસે પણ સામે ગોળીબાર કર્યો હતો.

પોલીસ અને ગેંગ વચ્ચે બે રાઉન્ડ ફાયરિંગ થતાં એક આરોપીને પગમાં ગોળી વાગતા તે ઈજાગ્રસ્ત થયો છે. જેથી પોલીસે ઈજાગ્રસ્ત આરોપીને સારવાર અર્થે ખસેડ્યો છે. બાકીના ત્રણ આરોપીઓની ધરપકડ કરીને તેમના કબજામાંથી ત્રણ દેશી બનાવટની પિસ્તોલ અને 27 જીવતી કારતૂસ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.

આ ઘટનામાં સ્ટેટ મોનિટરિંગ સેલ ઉપરાંત નવસારી જિલ્લા પોલીસની LCB, SOG સહિતની ટીમો સાથે ચિખલી DySP પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં પકડાયેલા ઈસમો કુખ્યાત ગેંગ સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે, જેના આધારે પોલીસે આ સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે આજથી પાંચ દિવસ પહેલાં સુરતમાં પણ એક આરોપીએ પોલીસ પર હુમલો કરતાં સ્વબચાવમાં પોલીસે માથાભારે આરોપીના પગમાં ગોળી ધરબી હતી. સુરત શહેરના ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં આતંક મચાવનાર અને હત્યા સહિત 17 જેટલા ગંભીર ગુનાઓમાં વોન્ટેડ માથાભારે આરોપી સલમાન લસ્સીને સુરત ક્રાઇમ બ્રાંચે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો હતો. આરોપી સલમાન લસ્સી નવસારી જિલ્લાના ડાભેલ ગામના એક ઘરના રૂમના ખૂણામાં છુપાઈને રહેતો હતો, જ્યાં ક્રાઇમ બ્રાંચની ટીમે તેને દબોચી લીધો હતો. ક્રાઇમ બ્રાન્ચે રાતના 10.45એ ઓપરેશન શરૂ કરી વહેલી સવારના 3.30 વાગ્યે પૂર્ણ કર્યું હતું.

ધરપકડથી બચવા સલમાન લસ્સીએ PI સોઢા પર ચપ્પુથી હુમલો કરતાં PIને સ્વબચાવમાં ફાયરિંગ કરવું પડ્યું હતું. ગોળી સલમાન લસ્સીના પગનાં હાડકાને સ્પર્શીને આરપાર નીકળી ગઈ હતી. કુખ્યાત સલમાન લસ્સી હોસ્પિટલમાં પોક મુકીને રડતો નજરે પડ્યો હતો. સલમાન લસ્સી છેલ્લા કેટલાક દિવસથી નવસારીના ડાભેલ ખાતે તેની પત્નીના પિયરના ઘરે છુપાયેલો હતો.

## 150 કિલોના મહાકાય મગરને ક્રેનથી ઊંચકીને બહાર કાઢ્યો

# વડોદરામાં 30 ફૂટના ખાડામાં 9.5 ફૂટનો મગર ઘૂસી ગયો, 2 કલાકની જહેમત બાદ દિલધડક રેસ્ક્યૂ....





વડોદરા, તા.11

વડોદરા પાસે મારેઠા ગામમાં નદીની બાજુમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કામગીરીના સ્થળે મહાકાય મગર આવી જતાં ફફડાટ ફેલાયો હતો. પિલરની ચાલી રહેલી કામગીરીના સ્થળે 9.5 ફૂટનો મહાકાય મગર આવી જતાં જીવદયાપ્રેમી હેમંત વઢવાણાની ટીમ અને વન વિભાગે મળીને રેસ્ક્યૂ કર્યો હતો. આ કામગીરીમાં 30 કિલોના મહાકાય મગરને બહાર કાઢવો મુશ્કેલ હોવાથી ક્રેનની મદદથી એને 30 ફૂટ ઊંડા ખાડામાંથી સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો હતો અને ફરી વિશ્વામિત્રી નદીમાં છોડી દેવામાં આવ્યો હતો.

ચોમાસાની સિઝન પૂરી થઈ ગઈ છે, જોકે વડોદરામાં મગરો નીકળવાનો સિલસિલો હજી યથાવત્ છે. મારેઠા પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન 9.5 ફૂટનો એક મગર દેખાઈ આવતાં વડોદરાના જીવદયાપ્રેમી હેમંત વઢવાણાની ટીમ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્થળ પર પહોંચીને નિરીક્ષણ કર્યું હતું. 30 ફૂટના કીચડવાળા ખાડામાં ફસાયેલા મગરનું 2 કલાકની ભારે જહેમત પછી ખાડામાંથી ક્રેન દ્વારા સહી સલામત રેસ્ક્યૂ કરી બહાર કાઢવામાં આવ્યો હતો. રેસ્ક્યૂમાં હેમંત વઢવાણા, સંદીપ ગુપ્તા, ભાવેશ બારિયા, વિપુલ ચાવડા, દીક્ષિત પટેલ અને મયૂરભાઈ સહિતના સ્વયંસેવકો જોડાયા હતા.

અહીં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી થઈ રહી છે એ જગ્યાએ પિલર કામગીરી સ્થળે 9.5 ફૂટનો મહાકાય મગર આવી જતાં કામદારોમાં ફફડાટ ફેલાયો હતો. બાજુમાં જ નદી હોવાથી અહીં મગરો આવતા હોય છે અને કામગીરી સ્થળે કીચડ અને પાણી હોવાથી અહીં મગર માઈગ્રેટ કરતા હોય છે.

જીવદયાપ્રેમી હેમંત વઢવાણાએ જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન ખાડામાં મગર આવી ગયો હોવાનો કોલ મળ્યો હતો, તેથી અમે દોડી ગયા હતા અને રેસ્ક્યૂ- ઓપરેશન શરૂ કર્યું હતું. અમે લોકોએ મગરને રોપ અને હાઈડ્રા દ્વારા બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો અને અમે આ પ્રયત્નમાં સફળ થયા હતા.

ઉલ્લેખનીય છે કે વર્ષ 1960માં વિશ્વામિત્રી નદીમાં 50 મગર હતા, જોકે આજે એમાં 400થી વધુ મગરો છે. વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી ઉપરાંત પણ દેવ, ઢાઢર, નર્મદા નદી અને વિવિધ તળાવોમાં મળીને કુલ 1 હજાર કરતાં વધુ મગરો છે.

મગર શિડયૂલ-1નું સંરક્ષિત પ્રાણી છે. નદી કે તળાવ એના કુદરતી આવાસ છે. મગર જ્યારે પાણીમાં ઊતરે છે ત્યારે એ એની આંખ પર ગ્લેન્સ નાખે છે, તેથી એની વિઝિબિલિટી 60થી 70 ટકા ઘટી જાય છે. મગર પાણીમાં ઊઠતા તરંગોના આધારે શિકાર નક્કી કરે છે. જ્યારે કોઇ નદીમાં કપડાં કે વાસણ ધોવે અથવા છબછબિયાં કરે ત્યારે મગરને લાગે છે કે કિનારે તેનો કોઇ શિકાર પાણી પીવા આવ્યો છે. આ સંજોગોમાં મગર તેના પર હુમલો કરે છે. મગરના હુમલામાં કોઇ વ્યક્તિનું મોત થાય તો તેને સરકાર તરફથી 4 લાખ રૂપિયા વળતર ચૂકવવામાં આવે છે.

### રમત રમતમાં છાતીમાં ચાકુ ઘૂસી જતાં 34 વર્ષીય યુવકનું મોત

# પત્ની ગર્ભવતી, 6 મહિના પહેલાં ઓનલાઇન ચાકુ મગાવ્યું'તું, પોલીસે શંકાસ્પદ બનાવની તપાસ હાથ ધરી

વડોદરા, તા.11

વડોદરાના યુવકના મોતની અજીબોગરીબ ઘટના સામે આવી છે. 8 નવેમ્બરની રાત્રિના સમયે અચાનક યુવકની છાતીમાં ચાકુ ખૂંપી ગયું હતું અને ઊંડો ઘા પડી જવાને કારણે તેનું મોત નીપજ્યું હતું, જોકે પોલીસને આ મોત શંકાસ્પદ લાગી રહ્યું છે, કારણ કે ગર્ભવતી પત્ની ઘરમાં કોઈ કામમાં વ્યસ્ત હોય અને યુવકને અચાનક છાતીમાં ચાકુનો ઊંડો ઘા વાગ્યો એ થિયરી પોલીસને ગળે ઊતરતી નથી, ત્યારે શંકાસ્પદ મોતને લઈને અનેક રહસ્ય ઘૂંટાઈ રહ્યાં છે. પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે અને મુતકની પત્નીની પૂછપરછ શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ, વડોદરા શહેરના ન્યૂ સમા રોડ વિસ્તારમાં આવેલી રાધિકા પાર્ક સોસાયટીના મકાનમાં રહેતા 34 વર્ષીય યુવક દત્ત ત્રિવેદી પોતાની પત્ની સાથે રહેતો હતો. 8 નવેમ્બરના રોજ રાત્રિના લગભગ 9:45 વાગ્યની આસપાસ દત્ત ત્રિવેદી અને તેની પત્ની ઘરમાં હાજર હતાં. પત્ની ગર્ભવતી છે અને તે અન્ય કોઇ કામમાં વ્યસ્ત હતી. જ્યારે દત્ત ત્રિવેદી એક ધારદાર ચાકુ સાથે રમત રમી રહ્યો હતો. આ દરમિયાન અચાનક શું થયું કે દત્ત ત્રિવેદીના છાતીના ભાગે આ ધારદાર ચાકુ ખૂંપી ગયું હતું અને ઊંડો ઘા પડી ગયો હતો.

ચાકુ વાગતાં દત્ત ત્રિવેદી લોહીલુહાણ થયો હતો અને દરમિયાન આ અંગે પત્નીને જાણ થઈ હતી, ત્યારે પત્નીએ દત્ત ત્રિવેદીના મિત્રોને જાણ કરી હતી, જેથી દત્ત ત્રિવેદીના મિત્રો તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યારે હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ દત્ત ત્રિવેદીને મૃત જાહેર કર્યો હતો, જોકે ત્યાર બાદ આ ઘટનાની જાણ ફતેગંજ પોલીસને કરતાં તાત્કાલિક ખાનગી હોસ્પિટલ પહોંચી હતી.

યુવકનું મોત કયા કારણસર થયું એની સાચી હકીકત જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપ્યો હતો, જેથી પોલીસ દ્વારા હાલ શંકાસ્પદ હોઈ, અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

યુવક દત્ત ત્રિવેદી લેબર કોન્ટ્રેક્ટર હતો અને તેના અલગ અલગ કંપનીઓમાં કોન્ટ્રેક્ટ પણ ચાલતા હતા, પરંતુ દત્ત ત્રિવેદીને પર્વતો પર ચઢવાનો અને બહાર ફરવા જવાનો ખૂબ જ શોખ હતો. દત્ત ત્રિવેદીએ 6 મહિના પહેલાં ઓનલાઈન આ ધારદાર ચાકુ મગાવ્યું હતું. પરંતુ અચાનક ચાકુ છાતીમાં ખૂંપી જવું અને ઊંડો ઘા થવો એ થિયરી પોલીસને ગળે ઊતરતી નથી. જેથી દત્ત ત્રિવેદી સાથે કોઈ ખરેખર ઘટના બની છે કે પછી કોઈ અણબનાવ બન્યો છે એ દિશામાં તપાસની ગતિ તેજ કરી છે.

ફતેગંજ પોલીસ સ્ટેશનના પીઆઇ એ.એમ. ગઢવીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન યુવકને આકસ્મિક રીતે જ જાતે જ ચપ્પુ વાગી ગયું હોવાનું બહાર આવ્યું છે, જેના કારણે તેનું મોત થયું છે. તેની પત્નીની પણ પૂછપરછ કરવામાં આવી છે. તેણે પણ આ જ કારણ જણાવ્યું છે, તેમ છતાં અમે આ કેસમાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ.

### 27 લોકો ઘાયલ થયા છે, પાર્કિંગમાં ઊભેલી ગાડીઓમાં વિસ્ફોટ, હુમલાખોરનું 'માથું' ઘટનાસ્થળ પર મળ્યું

# પાકિસ્તાનના ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સુસાઇડ અટેક, 12નાં મોત





**ઈસ્લામાબાદ, તા.11**

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટની પાસે મંગળવારના રોજ બપોરે 1 વાગ્યે જોરદાર વિસ્ફોટ થયો. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ મુજબ તેમાં 12 લોકોના મૃત્યુ થયા, જ્યારે 27 ઘાયલ થયા છે.

ધમાકાનો અવાજ એટલો તીવ્ર હતો કે તે પોલીસ લાઈન્સ હેડક્વાર્ટર સુધી સંભળાયો હતો, જેનાથી આસપાસના વિસ્તારોમાં ડર ફેલાઈ ગયો. દુર્ઘટના પછી બચાવ ટીમ અને સુરક્ષા દળો ઘટનાસ્થળ પર પહોંચ્યા અને આખા વિસ્તારને ઘેરીને તપાસ શરૂ કરી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ધમાકો અદાલતના પાર્કિંગ એરિયામાં ઊભેલી ગાડીઓમાં થયો. વિસ્ફોટથી ઘણા વાહનો ક્ષતિગ્રસ્ત થયા. સુરક્ષા એજન્સીઓ અને બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ કાટમાળની તપાસ કરી રહ્યા છે.

પાકિસ્તાની જીઓ ન્યૂઝ મુજબ, આ વિસ્ફોટ એક સુસાઇડ અટેક હતો. અધિકારીઓએ જણાવ્યું કે હુમલાખોરનું માથું ઘટનાસ્થળ પર મળ્યું છે, જેનાથી આત્મઘાતી હુમલાની પુષ્ટિ થઈ છે. ધમાકાના સમયે કોર્ટ હાઉસ વિસ્તારમાં ભારે ટ્રાફિક હતો, જેના કારણે આસપાસ ઊભેલા ઘણા લોકો પણ ઘાયલ થઈ ગયા. બધા ઘાયલોને તરત PIMS હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

ધમાકા પછી વિસ્તારની ઘેરાબંધી કરી દેવામાં આવી અને સુરક્ષા દળોએ આખા ક્ષેત્રને સીલ કરી દીધું. અદાલત પરિસર ખાલી કરાવી લેવામાં આવ્યું, વકીલો, ન્યાયાધીશો અને અન્ય નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. ન્યાયિક પરિસરની પાછળથી લોકોને બહાર જવાની મંજૂરી આપવામાં આવી, જ્યારે ન્યાયાધીશોને પણ ત્યાંથી સુરક્ષિત સ્થળ પર પહોંચાડવામાં આવ્યા.

ઈસ્લામાબાદ વિસ્ફોટના એક દિવસ પહેલા, પાકિસ્તાની સેનાએ ખૈબર પખ્તુનખ્વાના વાના શહેરમાં આર્મી કોલેજ પરના આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો.

એપી અનુસાર છ પાકિસ્તાની તાલિબાન લડવૈયાઓ કોલેજ પર હુમલો કરવા આવ્યા હતા. વાના વિસ્તાર લાંબા સમયથી પાકિસ્તાની તાલિબાન, અલ-કાયદા અને અન્ય ઉગ્રવાદી જૂથોનો ગઢ માનવામાં આવે છે.

સેનાના ઓપરેશનમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે ત્રણ અન્યને કોલેજ કેમ્પસમાં ઘૂસ્યા બાદ એક ઈમારતમાં ઘેરી લેવામાં આવ્યા હતા. પોલીસ અધિકારી આલમગીર મહેસુદના જણાવ્યા અનુસાર, બધા કેડેટ્સ, પ્રશિક્ષકો અને સ્ટાફ સુરક્ષિત છે.

જોકે, આ હુમલામાં લગભગ 16 નાગરિકો અને કેટલાક સૈનિકો ઘાયલ થયા હતા અને કોલેજ નજીકના અનેક ઘરોને પણ નુકસાન થયું હતું.

સાત દિવસ પહેલા, 4 નવેમ્બરના રોજ, ઈસ્લામાબાદમાં સુપ્રીમ કોર્ટ બિલ્ડિંગના બેઝમેન્ટ કેન્ટીનમાં એક શક્તિશાળી ગેસ સિલિન્ડર વિસ્ફોટ થયો હતો, જેમાં 12 લોકો ઘાયલ થયા હતા.

વિસ્ફોટનો અવાજ સમગ્ર ઈમારતમાં ગુંજ્યો, જેના કારણે ન્યાયાધીશો, વકીલો, સ્ટાફ અને મુલાકાતીઓમાં ગભરાટ ફેલાયો. કોર્ટની કાર્યવાહી તાત્કાલિક બંધ કરી દેવામાં આવી અને બધાને બહાર કાઢવામાં આવ્યા. ઈમરજન્સી સેવાઓએ ઘાયલોને પીઆઈએમએસ અને પોલીક્લીનિક હોસ્પિટલમાં ખસેડ્યા.

ઈસ્લામાબાદ પોલીસના ઈન્સ્પેક્ટર જનરલ અલી નાસિર રિઝવીએ જણાવ્યું હતું કે કેન્ટીનના ભોંયરામાં સવારે 10:55 વાગ્યે વિસ્ફોટ થયો હતો. ઘણા દિવસોથી ગેસ લીકેજની ફરિયાદો આવી રહી હતી, જે એર કન્ડીશનીંગ સિસ્ટમના સમારકામ દરમિયાન વિસ્ફોટ થયો હતો.

ઘાયલોમાં મોટાભાગના ટેકનિશિયન હતા. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે કોઈ વિસ્ફોટક સામગ્રીનો સમાવેશ થતો નથી.

### મોદી મને ફરીથી પ્રેમ કરશે : ટ્રમ્પ

# અમે ભારત સાથે નવા વેપાર કરારની નજીક છીએ, રશિયન તેલ ખરીદી પર ધીમે-ધીમે ટેરિફ ઘટાડશે

**વોશિંગ્ટન, તા.11**



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ભારત અને અમેરિકા એક નવા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની નજીક છે અને અમેરિકા ભારત પર લાદવામાં આવેલા ટેરિફમાં ધીમે ધીમે ઘટાડો કરશે.

ભારતમાં નવા યુએસ રાજદૂત સર્જિયો ગોરના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ઓવલ ઓફિસમાં આ નિવેદન આપવામાં આવ્યું હતું. ટ્રમ્પે કહ્યું, 'તેઓ હાલ મને પ્રેમ કરતા નથી, પરંતુ તેઓ મને ફરીથી પ્રેમ કરશે. અમે એક સારો સોદો મળી રહ્યો છે.'

ભારત પર ટેરિફ ઘટાડવાના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું કે ભારત પર ઊંચા ટેરિફ રશિયન તેલ ખરીદવાને કારણે લાદવામાં આવ્યા હતા, પરંતુ હવે ભારતે રશિયન તેલની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. તેમણે કહ્યું, 'હા, અમે ટેરિફ ઘટાડીશું.'

ટ્રમ્પે કહ્યું, 'ભારત વિશ્વની સૌથી જૂની સભ્યતાઓમાંની એક છે, વિશ્વનો સૌથી મોટો દેશ છે, અને તેની વસ્તી 1.5 અબજથી વધુ છે. પ્રધાનમંત્રી મોદી સાથે પણ અમારો અદ્ભુત સંબંધ છે, અને સર્જિયોએ તેને વધુ મજબૂત બનાવ્યો છે.'

'ભારત સૌથી ઝડપથી વિકસતો પ્રદેશ પણ છે, અને તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક સુરક્ષા ભાગીદાર છે. રાજદૂત તરીકે, સર્જિયો આપણા દેશોના સંબંધોને મજબૂત બનાવવા, મુખ્ય અમેરિકન ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપવા, અમેરિકન ઊર્જા નિકાસ વધારવા અને આપણા સુરક્ષા સહયોગને વિસ્તૃત કરવા માટે કામ કરશે' ભારતના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે 5 નવેમ્બરના રોજ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર માટેની વાટાઘાટો સારી રીતે આગળ વધી રહી છે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે કેટલાક સંવેદનશીલ મુદ્દાઓ વણઉકેલાયેલા રહ્યા છે, જેના કારણે તેમાં સમય લાગી રહ્યો છે.

ફેબ્રુઆરી 2025 માં શરૂ થયેલા આ કરારનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં બંને દેશો વચ્ચેનો વેપાર $191 બિલિયનથી વધારીને $500 બિલિયન કરવાનો છે. માર્ચથી અત્યાર સુધીમાં પાંચ રાઉન્ડની વાતચીત થઈ ચૂકી છે.

છેલ્લો રાઉન્ડ 23 ઓક્ટોબરના રોજ વર્ચ્યુઅલી યોજાયો હતો. ગોયલે જણાવ્યું હતું કે તેમને 2025 ના અંત સુધીમાં પ્રથમ તબક્કાના કરાર પર પહોંચવાની આશા છે. સપ્ટેમ્બરમાં, ગોયલના નેતૃત્વમાં એક ભારતીય ટીમે વોશિંગ્ટનની મુલાકાત લીધી હતી. યુએસ ટીમે દિલ્હીની પણ મુલાકાત લીધી હતી. બંને પક્ષો ઝડપથી કામ કરવા સંમત થયા છે. ટ્રમ્પે ભારત પર પહેલાથી જ કુલ 50% ટેરિફ લાદી દીધા છે, જેમાં 25% પારસ્પરિક ટેરિફ અને રશિયા પાસેથી તેલ ખરીદી પર 25% દંડનો સમાવેશ થાય છે.

પારસ્પરિક ટેરિફ 7 ઓગસ્ટથી અમલમાં આવ્યા અને દંડ 27 ઓગસ્ટથી લાગુ થયા. રશિયા પર દબાણ લાવવા માટે અમેરિકાએ ભારત પર આર્થિક પ્રતિબંધો લાદ્યા છે. ટ્રમ્પ વારંવાર દાવો કરી ચૂક્યા છે કે રશિયા ભારતની તેલ ખરીદીમાંથી મેળવેલા પૈસાનો ઉપયોગ યુક્રેનમાં યુદ્ધને વેગ આપવા માટે કરે છે.

ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું કે તેઓ આવતા વર્ષે ભારતની મુલાકાત લઈ શકે છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન મોદી સાથેની તેમની વાતચીત ખૂબ સારી રીતે ચાલી રહી છે અને બંને દેશો વચ્ચે વેપાર કરાર પર ચર્ચા આગળ વધી રહી છે.

વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસમાં મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે ફરી એકવાર પીએમ મોદીને પોતાના મિત્ર અને સારા વ્યક્તિ ગણાવ્યા.

ટ્રમ્પે કહ્યું, 'અમે વાત કરતા રહીએ છીએ. તેમણે રશિયા પાસેથી તેલ ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. પીએમ મોદીએ મને ભારત આવવાનું આમંત્રણ આપ્યું છે, અને હું ત્યાં જવાનું વિચારી રહ્યો છું.'

# યુપીના 3 યુવકોના દિલ્હી બ્લાસ્ટમાં મોત

### મેટ્રો સ્ટેશન ગયા હતા ત્યારે જ વિસ્ફોટ થયો, મૃતદેહ અમરોહા પહોંચ્યા

**ઉત્તર પ્રદેશ**

દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટમાં ઉત્તરપ્રદેશ મૃતકોનો આંક વધીને ત્રણ થઈ ગયો છે. 3 લોકો ઘાયલ થયા છે. અમરોહાના રહેવાસી અશોક સિંહ અને લોકેશ અગ્રવાલ બંને બ્લાસ્ટમાં મોતને ભેટ્યા છે. તેઓ બંને મિત્રો હતા. અશોક દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં કામ કરતો હતો, જ્યારે લોકેશ ખાતરનો વેપારી હતો.

આ ઉપરાંત, શ્રાવસ્તીના દિનેશ કુમાર (32)નું બ્લાસ્ટમાં મૃત્યુ થયું. દિનેશ દિલ્હીમાં મજૂરી કામ કરતો હતો. લોકેશ તેની ભાભીને મળવા દિલ્હી આવ્યો હતો. તેઓએ સાંજે મળવાનો પ્લાન કર્યો હતો. લોકેશ મેટ્રોમાં લાલ કિલ્લા સુધી ગયો હતો.

અશોક તેમને લેવા આવ્યો હતો. તેઓ કારમાં બેસતાની સાથે જ બોમ્બ બ્લાસ્ટ થયો. બંનેના મૃતદેહ ખરાબ રીતે બળી ગયા હતા. તેમના મૃતદેહ ઘરે પરત મોકલી દેવામાં આવ્યા છે. અંતિમ સંસ્કાર ટૂંક સમયમાં કરવામાં આવશે.

વધુમાં, દેવરિયાના રહેવાસી શિવા જયસ્વાલ, આગ્રાના પપ્પુ અને ગાઝિયાબાદના મોહમ્મદ દાઉદ બ્લાસ્ટમાં ઘાયલ થયા હતા.





ત્રણેય દિલ્હીની LNJP હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ દરમિયાન, દિલ્હીમાં બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને કોઈ શંકાસ્પદ વ્યક્તિ ભાગી ન શકે તે માટે ફિલ્ડમાં ઉતરવાની સૂચના આપી છે. અશોક સિંહ: તેઓ નવ વર્ષથી DTC બસમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા હતા. તેઓ ત્રણ વર્ષથી દિલ્હીના જગતપુરમાં ભાડાના મકાનમાં રહેતા હતા. તેઓ દિવાળી માટે અમરોહાના હસનપુરના માંગરોલા ગામમાં ઘરે આવ્યા હતા. તેમના પરિવારમાં તેમની પત્ની સોનમ, પુત્ર આરંભ (3) અને પુત્રીઓ આરોહી (8) અને કાવ્યા (5) છે. તેમના મોટા ભાઈ સુભાષ ખેડૂત છે. તેમની માતા સોમવતી (65) હૃદય રોગી છે. લોકેશ અગ્રવાલ: અશોક તેની ભાભીને મળવા ગયો હતો, જેમને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સાંજે, તેણે તેના મિત્ર અશોકને ફોન કરીને મળવા બોલાવ્યો હતો. લોકેશ મેટ્રોમાંથી ઉતરી રહ્યો હતો ત્યારે અશોક તેને લેવા આવ્યો હતો. લાલ કિલ્લા પાસે તેઓ કારમાં બેઠા હતા ત્યારે વિસ્ફોટ થયો. દિલ્હી પોલીસે લોકેશના મોબાઈલ પરથી તેના સંબંધી સંદીપ અગ્રવાલને ફોન કર્યો, જેમણે તેને ઓળખી કાઢ્યો. લોકેશને બે પુત્રો (સૌરભ અને ગૌરવ) અને એક પુત્રી દિવ્યા છે.

દિનેશ કુમાર: તે શ્રાવસ્તીના ગણેશપુર ગામનો રહેવાસી હતો. તે દિલ્હીમાં મજૂરી કરતો હતો. તેના પરિવારમાં તેની પત્ની અને ત્રણ નાના બાળકો છે. પરિવારે જણાવ્યું હતું કે દિનેશ થોડા દિવસોમાં ઘરે પરત ફરવાનો હતો.

### ભોપાલમાં મોડલનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ

# મુસ્લિમ બોયફ્રેન્ડ હોસ્પિટલમાં છોડીને ભાગી ગયો

**માતા બોલી- પ્રાઈવેટ પાર્ટ અને શરીર પર ઈજાના નિશાન**

**ભોપાલ, તા.11**

ભોપાલમાં 27 વર્ષીય મોડેલનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. સોમવારે વહેલી સવારે ભૈંસાખેડીના ઈન્દોર રોડ પરની એક હોસ્પિટલમાં તેના બોયફ્રેન્ડે તેને છોડીને ભાગી ગયો. ડોક્ટરોએ પોલીસને તેના મૃત્યુની જાણ કરી. પોલીસે મૃતદેહનો કબજો લઈ તપાસ શરૂ કરી છે.

ગાંધી મેડિકલ કોલેજ ખાતે મહિલાના પરિવાર અને મેજિસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. મૃતકના પરિવારે હત્યાનો આરોપ લગાવ્યો છે. મહિલાના ગુપ્તાંગ, ખભા અને ચહેરા પર ઈજાના નિશાન મળી આવ્યા છે. મોડેલ ખુશ્બુ આહિરવાર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય હતી. તેણીનું 'ડાયમંડ ગર્લ' નામનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ છે, જેના 12,000 ફોલોઅર્સ છે. ખુશ્બુ વારંવાર આ એકાઉન્ટ પર મોડેલિંગ કરતી પોતાની તસવીરો શેર કરતી રહેતી હતી. તેણીએ BAનો અભ્યાસ છોડી દીધો અને મોડેલિંગ શરૂ કર્યું હેડ કોન્સ્ટેબલ પ્રતીક કુમારે જણાવ્યું હતું કે ખુશ્બુ અહિરવાર ઉર્ફે ખુશી વર્મા (ઉ.વ.27) કાસિમ નામના વ્યક્તિ સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. કાસિમ તેને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી ભાગી ગયો હતો. હોસ્પિટલની માહિતીના આધારે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ખુશ્બુએ BAના પહેલા વર્ષ પછી શાળા છોડી દીધી હતી. તે ત્રણ વર્ષથી ભોપાલમાં રહેતી હતી. તેણીએ ઘણી સ્થાનિક બ્રાન્ડ્સ માટે મોડેલિંગ કર્યું હતું. તેણી હંમેશા તેની માતા સાથે મોટું બનવાની ઈચ્છા વિશે વાત કરતી હતી. તે પાર્ટ-ટાઈમ નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતી હતી.

કાસિમે તેની માતાને કહ્યું હતું- તમારી દીકરી મારી સાથે છે મૃતકની માતા લક્ષ્મી અહિરવારે જણાવ્યું કે કાસિમે ત્રણ દિવસ પહેલા ફોન કર્યો હતો. તેણે કહ્યું, 'હું મુસ્લિમ છું... પણ તમારી દીકરી મારી સાથે છે. ચિંતા ના કરો. હું તેને મારી સાથે ઉજ્જૈન લઈ જઈ રહ્યો છું.'

દીકરીએ પણ અમારી સાથે વાત કરી અને કહ્યું, 'ચિંતા ના કરો, કાસિમ એક સારો માણસ છે, હું તેની સાથે છું. તમે પરેશાન ન થતા.' પછીથી અમને ખબર પડી કે દીકરી કાસિમ સાથે સંબંધમાં હતી. તે જ તેને ચિરાયુ હોસ્પિટલમાં લાવ્યો હતો. તેણે જ તેની હત્યા કરી છે. જ્યારે તેમની તબિયત બગડી, ત્યારે કાસિમ તેને હોસ્પિટલ લઈ ગયો માતાએ કહ્યું કે પોલીસ રિપોર્ટ કરી રહી છે કે બંને ઉજ્જૈનથી ભોપાલ જઈ રહ્યા હતા. રસ્તામાં, જ્યારે પુત્રીની તબિયત બગડી, ત્યારે કાસિમ તેને હોસ્પિટલ લઈ ગયો. તેણીને બેભાન જોઈને, તે ભાગી ગયો. અમને ન્યાય જોઈએ છે. અમારી પુત્રીની હત્યા કરનાર વ્યક્તિને કડક સજા થવી જોઈએ.

તેની માતા લક્ષ્મી અહિરવારે જણાવ્યું- 'તેના શરીર પર ઉઝરડાના નિશાન છે. આખા શરીર પર વાદળી રંગના નિશાન છે. તેનો ચહેરો સૂજી ગયો છે. તેના ગુપ્ત ભાગો પર પણ ઈજાના નિશાન છે. મારી પુત્રીને નિર્દયતાથી માર મારીને મારી નાખવામાં આવી હતી.' દિવાળી પર ઘરે આવી અને વીસ દિવસ રહી આશાની માતાએ કહ્યું કે, ખુશ્બુ દિવાળી માટે તેમના મંડીબામોરા ઘરે આવી હતી. તે 3 નવેમ્બરના રોજ ઘરેથી ભોપાલ જવાનું કહીને નીકળી ગઈ હતી.

# દિલ્હી વિસ્ફોટ બાદ પાકિસ્તાન વાયુસેના એલર્ટ

### રાજસ્થાન સરહદ પર ફાઈટર જેટનું પેટ્રોલિંગ, બ્રિટનની એડવાઈઝરી- લોકો ભારત-PAK બોર્ડરથી 10 કિમી દૂર રહે

**નવી દિલ્હી**

દિલ્હી બોમ્બવિસ્ફોટો બાદ પાકિસ્તાન ગભરાઈ ગયું અને રાજસ્થાન સાથેની સરહદ પર વાયુસેના પેટ્રોલિંગ શરૂ કરી દીધું. તેનાં ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓએ એક કટોકટી બેઠક યોજી. વડાપ્રધાન શાહબાઝ શરીફે મોડીરાત સુધી NSA અને ISIના ડિરેક્ટર જનરલ સાથે પણ બેઠકો કરી.

આ દરમિયાન યુકે વિદેશ કાર્યાલય (FCDO)એ વિસ્ફોટ બાદ ભારતના અમુક વિસ્તારો માટે મુસાફરી સલાહ જાહેર કરી છે. બ્રિટિશ સરકારે તેના નાગરિકોને ભારત-પાકિસ્તાન સરહદથી 10 કિલોમીટરની અંદર અને જમ્મુ-કાશ્મીર અને મણિપુર રાજ્યોમાં મુસાફરી ન કરવાની સલાહ આપી છે. ગઈકાલે દિલ્હી બોમ્બબ્લાસ્ટમાં 12 લોકોનાં મોત થયાંના અહેવાલ હતા, પરંતુ ત્રણ કલાક પછી ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી કે મૃત્યુઆંક આઠ છે. ત્યાર બાદની હોસ્પિટલની યાદીમાં નવ મૃત્યુની યાદી આપવામાં આવી હતી.

યુએસ એમ્બેસીએ પણ તેના નાગરિકોને ચેતવણી જાહેર કરી છે, જેમાં તેમને લાલ કિલ્લા અને



પ્રવાસીઓની ભીડવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા અને હંમેશાં સતર્ક રહેવા જણાવ્યું છે.

આ દરમિયાન ફ્રેન્ચ દૂતાવાસે જણાવ્યું હતું કે 10 નવેમ્બરના રોજ સાંજે 7 વાગ્યે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટનું કારણ અને જાનહાનિનો આંકડો હાલમાં સ્પષ્ટ નથી.

ફ્રેન્ચ દૂતાવાસે દિલ્હીમાં તેના નાગરિકોને સતર્ક રહેવા અને ભીડવાળા વિસ્તારો અને ઘટના સ્થળથી દૂર રહેવાની સલાહ આપી છે. ફ્રેન્ચ પ્રવાસીઓને 'ફીલ ડી'એરિયન' પોર્ટલ પર નોંધણી કરાવવાનું પણ કહેવામાં આવ્યું છે, જેથી કટોકટીની સ્થિતિમાં તેમનો સંપર્ક કરી શકાય.

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બવિસ્ફોટ અંગે ઈરાની દૂતાવાસે શોક વ્યક્ત કર્યો છે. એક સત્તાવાર નિવેદનમાં દૂતાવાસે કહ્યું-

ઈરાનનું દૂતાવાસ દિલ્હી વિસ્ફોટમાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા ભારતીય નાગરિકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. આ દુઃખની ઘડીમાં અમે ભારત સરકાર અને ભારતીય લોકો સાથે ઊભા છીએ.

આ દરમિયાન ઈજિપ્તિયન દૂતાવાસે કહ્યું, 'અમારા લોકો અને સરકાર વતી, અમે લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટથી પ્રભાવિત પરિવારો અને પ્રિયજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમારી પ્રાર્થનાઓ પીડિતો સાથે છે અને અમે ઘાયલ થયેલા તમામ લોકોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ.'

ન્યૂઝ એજન્સી IANSએ દિલ્હી પોલીસનાં સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે 'કાર વિસ્ફોટની પ્રાથમિક તપાસ તેને આતંકવાદી હુમલો તરીકે ગણી રહી છે. એ સોમવારે બપોરે ફરીદાબાદમાં ઉચ્ચ-તીવ્રતાવાળા વિસ્ફોટકોનો ઉપયોગ કરીને પકડાયેલા મોડ્યૂલ સાથે જોડાયેલી હોઈ શકે છે. વિસ્ફોટકો અને રાસાયણિક તત્ત્વોના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.'

સુરક્ષા એજન્સીઓ ડૉ. મુઝમ્મિલ અને ડૉ. આદિલની પૂછપરછ કરી રહી છે. એવું માનવામાં આવે છે કે તેમની ધરપકડ પછી ઉતાવળમાં આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે i-20 કારના પાછળના ભાગમાં વિસ્ફોટ થયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર હરિયાણાના ગુરુગ્રામમાં સલમાનના નામે નોંધાયેલી હતી.

પોલીસે સલમાનની અટકાયત કરી છે અને તેની પૂછપરછ કરી રહી છે. સલમાને કાર પુલવામાના તારિકને વેચી હતી. દિલ્હી પોલીસ કમિશનર સતીશ ગોલ્ચાએ જણાવ્યું હતું કે વિસ્ફોટ ફોર્ટ મેટ્રો સ્ટેશનના ગેટ નંબર 1 પાસે થયો હતો. ઘટના બાદ શાહ LNJP હોસ્પિટલ પહોંચ્યા. પોલીસે વિસ્તારને ઘેરી લીધો છે. ફોરેન્સિક ટીમ આવી પહોંચી છે. આસપાસના વિસ્તારના CCTV ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. NIA અને NSGને પણ ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. અગાઉ પીએમ મોદીએ ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરીને ઘટના અંગે પૂછપરછ કરી હતી. વિસ્ફોટ બાદ દિલ્હી, મુંબઈ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, હરિયાણા, પંજાબ અને ઉત્તરાખંડમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બવિસ્ફોટમાં 12 લોકોનાં મોત થયાં હતાં અને 24 લોકો ઘાયલ થયા હતા. ફોર્ટ મેટ્રો સ્ટેશનના ગેટ નંબર 1 પાસે એક ચાલતી કારમાં આ વિસ્ફોટ થયો હતો.

તંત્રી લેખ

## સોનું ₹2,341 વધીને ₹1.24 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : 2 દિવસમાં ₹4,047નો વધારો થયો ; આજે ચાંદી ₹2,695 વધીને ₹1.54 લાખ પ્રતિ કિલો થઇ

આજે 11 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ 1,706 વધીને 1,24,147 થયો છે. અગાઉ, ભાવ 1,22,441 પ્રતિ 10 ગ્રામ હતો. માત્ર બે ટ્રેડિંગ દિવસોમાં, તેમાં 4,047નો વધારો થયો છે. ગયા શુક્રવારે, તે 1,20,100 હતો.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 2,695 વધીને 1,54,338 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેનો ભાવ 1,51,643 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું, અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100ની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે સોનું 45,925 અને ચાંદી 64,958 મોંઘુ થયું, આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,925નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,22,087 થયો છે. આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 64,958નો વધારો થયો છે. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ, જે 31 ડિસેમ્બર, 2024 ના રોજ 86,017 હતો, તે હવે વધીને 1,50,975 પ્રતિ કિલોગ્રામ થયો છે. આગામી દિવસોમાં સોનામાં વધઘટ ચાલુ રહી શકે છે, નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને ટેકો આપશે. આ વર્ષે, આગામી દિવસોમાં તેની કિંમત 1.20 લાખ થી 1.22 લાખની આસપાસ રહેવાની ધારણા છે. ફક્ત પ્રમાણિત સોનું ખરીદો, હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને ટેકો આપશે. આ વર્ષે, આગામી દિવસોમાં તેની કિંમત 1.20 લાખ થી 1.22 લાખની આસપાસ રહેવાની ધારણા છે. ફક્ત પ્રમાણિત સોનું ખરીદો, હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે.

# શું હતી મંદાકિનીની મનોવ્યથા?? કે એણે લાલજીનાં શણગાર ઉતારી લીધાં!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



આપણી સંસ્કૃતિ અનેક રીતે લાક્ષણિકતા ધરાવે છે, અને એમાં પણ પ્રકૃતિ જ પોષણ કરનાર તેમજ ઔષધિ રૂપે રોગનું શમન કરનાર છે! એ વાત સમજાવવા માટે નદી, પર્વત, સમુદ્ર, વૃક્ષો છોડ, કે પછી ઘાસ એટલે કે તલખણા રૂપે દુર્વાનું મહત્વ પણ બતાવવાં એને પૂજવામાં આવે છે. એવી જ એક વનસ્પતિ તુલસી છે, જેનું પૌરાણિક અને ઔષધીય મહત્વ આપણે તુલસી વિવાહનાં લેખમાં જોયું હતું! પણ આજે આ પૌરાણિક પરંપરાને સમાજની એક કડવી વાસ્તવિકતાને દર્શાવવા ફરી એક મનોવ્યથા ને લઈને હું આવી છું.

દિવાળીનો તહેવાર પૂરો થયો, અને લાભ પાંચમ પછી શહેરમાં તુલસી વિવાહ અંગે વેપારી મંડળની એક મિટિંગ થઈ અને અગ્રણીઓ એ ક્યાં અને કેવી રીતે તુલસી વિવાહ યોજવામાં આવશે એ વિશે વાતચીત કરી અને દરવખતની જેમ બે વૈશ્નવની વરણી કરવા માટે ડ્રો કરવામાં આવ્યો! એમાં તુલસી ના માતા પિતા તરીકે ભાગ્યેશ ભાઈ અને ભૈરવી બેન તથા કાનજી ના માતા પિતા તરીકે મહર્ષિ અને મંદાકિની બેન નું નામ નીકળ્યું! બહું નશીબદાર હોય એને જ આવો લાભ મળે!

મહર્ષિ ભાઈ અને મંદાકિની બેન ને ઘેર આજે ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો અને આખું ઘર શણગાર્યું હતું, ભાતભાતના પકવાન બનાવ્યા હતાં, અને નોકર ચાકર પણ આમથી તેમ દોડાદોડી કરતા હતાં. સંધ્યા સમય થઈ ગયો હતો, અને ઘર આખું રોશની અને દિવડાથી ઝગમગી ઉઠ્યું હતું. આંગણાંમાં રંગોળી રચાઈ હતી, અને મહેમાનો પણ આવવાં લાગ્યા હતાં થોડીવારમાં જ હવે વરઘોડો કાઢવો પડશે, એમ ગોર મહારાજનો અવાજ સંભળાયો. મંદાકિની બેન હરિ મંદિરમાં લાલજીને તુલસી વિવાહ માટે શણગારતા હતાં, અને લાલજી ને સાચાં હીરાનો હાર પહેરાવ્યો, માથે મોરપીંછ વાળી રેશમી પાઘડી, સોનાનાં તારવાળા પીળું અંગરખું અને જરકશી પીતાંબર. અંગરખામાં સાચા મોતીની શેર ભરાવી, અને હાથે પગે ચાંદીના કડલાં !: કેવો મન મોહક લાગે છે મારો લાલો કોઈની નજર ન લાગે એને એમ કરી ઓવારણાં લીધાં! લાલજી એ જ આ દિવસો દેખાડ્યાં બાકી તો.. પછી શણગારતા શણગારતા એને પોતાના એકના એક દીકરાનાં માધવનાં લગ્નનો વરઘોડો યાદ આવ્યો! ત્યારે પણ એ બેય આટલાં જ ઉત્સાહિત હતાં! ત્યારે શું એ તો પુત્ર પારણાં માં હતો ત્યારથી એનાં લગ્નનું સ્વપ્ન જોતા હતાં...

પોતે મહર્ષિ સાથે લગ્ન કર્યા ત્યારે તો મુંબઈ જેવા મહાનગરમાં એક ઓરડીનું ઘર હતું અને બંને જણાંની જીંદગી ઘર કરતાં તો મુંબઈની લોકલમાં વધુ જવાની છે, એટલે બે પૈસા કમાઈ લઈએ, ત્યાં સુધી એમ જ અગવડ સગવડમા કાઢ્યાં અને પછી એકાએક અમદાવાદની ધરતી પોકારતી હશે, એટલે અહીં સગાં વહાલાંઓ વચ્ચે આવી ગયાં, અને અહીં જ માધવનો જન્મ થયો! એનાં પગલે થોડી આર્થિક સ્થિતિ પણ સુધરી, અને પછી તો થોડા થોડા રુપિયા જોડી નાના પાયે વેપાર શરૂ કર્યો, અને એમાં સફળતા મળવા લાગી, આમ એક રુમની ઓરડી થી શરૂ કરેલી ગૃહસ્થી આજે અમદાવાદના ક્રીમ એરિયામાં આવેલ એક ભવ્ય બંગલો સુધી પહોંચી!

મંદાકિની અતિતમાં સરી ગઈ, અને માધવના ઉછેર આડે પોતે સ્વેચ્છા એ કેરિયર ગીવ અપ કરી દીધું, અને પછી તો હવે જરુરત નથી એમ... પોતે સાવ ટિપિકલ હાઉસ વાઈફ બની ગઈ! માધવ તારાં લાડને કારણે બગડતો જાય છે એમ એને બોર્ડિંગ સ્કૂલમાં ભણવા મુક્યો , ત્યાંથી કોલેજ અને પછી માસ્ટર કરવાં વિદેશ.. વચ્ચે મહર્ષિનો અફેર.. પોતાની સ્યુસાઈડની કોશિશ.. મહર્ષિનો જીવલેણ અકસ્માત, પોતાની ખૂબ આકરી તપશ્ચર્યા, એમને ખૂબ પસ્તાવો થવો, અને એમ જીવનનાં બીજા પચ્ચીસ વર્ષ જતાં રહ્યાં. ત્યાં ઓચિંતા દિકરા એ આવીને મીરાં નામની ગ્રીન કાર્ડ ધરાવતી યુવતી સાથે લગ્ન કરવા સંમતિ માંગી, જોકે સંમતિ એક ઔપચારિકતા હતી! આપ્યાં વગર ચાલે એમ નહોતું છતાં, મન મોટું કરીને ધામધૂમથી લગ્ન કર્યા અને મીરાં ને તો ઈન્ડિયા બહુ ગમે છે, બે પાંચ વર્ષમાં ઈન્ડિયા જ આવી જશું! એમ કરીને થોડી સંપત્તિ લઈને ગયો! ઉપરથી એક બે વખત મીરાં ના ઘરના ને દેખાડવા કે સ્ટેટ્સ માટે દેવું થઈ ગયું છે, અને તમે રુપિયા મોકલો એમ વીસ પચીસ લાખ માગ્યા! મહર્ષિ પણ પૂરાં વેપારી એટલે કહ્યું! કે આ વખતે આપું છું, હવે એક રુપિયો નહીં આપું! અને આમ દિકરો વહું તન મનથી જુદાં થયાં, પછી તો ખબર મળ્યાં કે બંને છૂટાં પડી ગયાં છે, અને માધવ એક અલગારી જેમ જીવે છે, પણ મહર્ષિએ કહ્યું કે હજી થોડો હેરાન થશે, પછી માતા પિતાનાં સ્નેહ સંબંધ વિશે ખબર પડશે! અને ગુમનામીમાં એ ક્યાંક ચાલ્યો ગયો, કોઈ કહે છે, એક્સિડન્ટમાં મરી ગયો! કાંતો ચરસ ગાંજા નો વ્યસની બની, કોઈ સાધુ સંતોની ટોળીમાં ભળી ગયો, મંદાકિની ખૂબ રડી, બસ ત્યારથી આ લાલજી અને એની પૂજા અર્ચના જ એનું જીવન હતું! નો ડાઉટ મહર્ષિ પણ..

શહેરમાં તુલસી વિવાહનો પ્રસંગ થવાનો હતો અને આ વખતે બે મોભી પરિવારમાં એમાં લાલજીનાં માતા પિતા તરીકે મહર્ષિ અને મંદાકિનીની પસંદગી થઈ હતી, અને એટલે સાંજની મંદાકિની મન મોહક મુરલીધરને શણગારવા હરિ મંદિરમાં આવી હતી. લગ્ન થતાં ક્યાંક મારો આ 'લાલો' પણ મને છોડીને ચાલ્યો જશે તો? એમ મંદાકિની એકદમ ઉદાસ થઈ ગઈ, અને એણે એક પછી એક એમ લાલજીનાં બધાં શણગાર ઉતારી લીધાં, અને પારણાંમાં ઝૂલાવવા લાગી, અને એને ગળે ડૂમો ભરાઈ આવ્યો, એ વિહવળ થઇ ને લાલજી ને એકીટશે જોવા લાગી, અને એનાં મોઢા માંથી શબ્દો સરી પડ્યા કે...

ઘણીવાર થઈ પણ મંદાકિની હરિ મંદિરમાંથી બહાર આવ્યાં નહીં, અને વરઘોડા કાઢવાનાં મૂહુર્તનો સમય વિતતો જતો હોવાથી, મહર્ષિ હરિ મંદિરમાં આવે છે, અને મંદાકિની રડતી આંખે અને ધ્રુજતા હાથે લાલજી ને પારણાં માં ઝૂલાવતા ઝૂલાવતા ગાતી હતી, ગોપાલ મારો પારણિયે ઝૂલે... મહર્ષિ એનાં ખભે પ્રેમથી હાથ મુકે છે, અને મંદાકિની રડતાં રડતાં બોલી મારે લાલજી ના વિવાહ જ નથી કરવાં, ભલે પારણિયે ઝૂલે... અને મહર્ષિ પત્નીની વેદનાને સમજી ગયો, અને એણે જ્ઞાતિનાં પ્રમુખને ફોન કરી કહ્યું કે અમે આ પ્રસંગના યજમાન નહીં બનીએ! હાં હું મારાં ભાગનો આર્થિક હિસ્સો આપી દઈશ.. અને મહર્ષિએ પણ પારણાંની દોરી ઝાલી લીધી અને પછી બંનેએ એક સાથે ગાયું ગોપાલ મારો પારણિયે ઝૂલે... મિત્રો આજનાં સમજની આ કડવી છતાં બહું નાજુક વાસ્તવિકતા છે, એને મેં મહર્ષિ અને મંદાકિની ની સંવેદના નાં માધ્યમથી રજૂ કરી છે! એક તો સુધરેલા સમાજમાં એક જ સંતાન કરવાની જાણે ફેશન બની ગઈ છે, અને એટલે સંતાન મોટા થઈને પોતાની જીંદગીમાં વ્યસ્ત થઈ જાય ત્યારે પાછલી ઉંમરમાં દંપતી એકલા થઈ જાય અને પછી એની મનોસ્થિતિ આવી થઈ જાય એ બહુ સ્વાભાવિક છે, અને એમાં પિતા હજી બહાર આવ જા કરતાં હોય, પણ મા નું હ્રદય બહુ આળું થઈ જાય છે, જે નાની નાની વાતમાં ડરી જાય છે, જેને મેં શબ્દમાં કંડારવા કોશિશ કરી છે.

## ગાંધીનગર-જયપુર સ્ટેશન પુનઃ વિકાસ કામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર પશ્ચિમ રેલવેના ગાંધીનગર-જયપુર સ્ટેશનના પુનઃવિકાસ અને મોટા પાયે અપગ્રેડેશન કામને ધ્યાનમાં રાખીને 9 નવેમ્બરથી 13 ડિસેમ્બર, 2025 સુધી 35 દિવસોનો બ્લૉક લેવામાં આવ્યો છે, જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો આ મુજબ છે :

શોર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ/આંશિક રૂપે રદ થનારી ટ્રેનો:

1. ડિસેમ્બર, 2025 ના રોજ ઓખાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20951 ઓખા-જયપુર એક્સપ્રેસ અજમેર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. એટલે, આ ટ્રેન અજમેર અને જયપુર વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. એ જ રીતે, 9 ડિસેમ્બર, 2025 ના રોજ જયપુરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20952 જયપુર-ઓખા એક્સપ્રેસ અજમેર સ્ટેશન પર શોર્ટ ઓરિજિનેટ થશે. એટલે, આ ટ્રેન જયપુર અને અજમેર વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો:

1. ડિસેમ્બર, 2025 સુધી દિલ્લી સરાય રોહિલ્લાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 12215 દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે. 2. નવેમ્બર, 2025 થી 12 ડિસેમ્બર, 2025 સુધી પોરબંદરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 19269 પોરબંદર-મુજફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ફુલેરા-રીંગસ-રેવાડી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન રીંગસ, નીમ કા થાના અને નારનૌલ સ્ટેશનો પર રોકાશે. 3. 25 નવેમ્બર, 2025 અને 02 ડિસેમ્બર, 2025 ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટડાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 19416 શ્રી માતા વૈષ્ણો દેવી કટડા-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે. 4. ડિસેમ્બર, 2025 સુધી પોરબંદરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20937 પોરબંદર-દિલ્લી સરાય રોહિલ્લા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ફુલેરા-રીંગસ-રેવાડી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન રીંગસ, નીમ કા થાના અને નારનૌલ સ્ટેશનો પર રોકાશે. 5. નવેમ્બર, 2025 થી 8 ડિસેમ્બર, 2025 સુધી દિલ્લી સરાય રોહિલ્લાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20938 દિલ્લી સરાય રોહિલ્લા-પોરબંદર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે. 6. 26 નવેમ્બર, 2025 અને 3 ડિસેમ્બર, 2025 સુધી સુલ્તાનપુરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20940 સુલ્તાનપુર-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે. 7. નવેમ્બર, 2025 અને 06 ડિસેમ્બર, 2025 ના રોજ વારાણસીથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 20964 વારાણસી-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે. 8. 25 નવેમ્બર, 2025 અને 02 ડિસેમ્બર, 2025 ના રોજ લખનઉથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર 19402 લખનઉ-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ભરતપુર-કોટા-આણંદ-સાબરમતી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન સવાઈ માધોપુર, કોટા, ભવાની મંડી, શામગઢ, નાગદા, રતલામ, દાહોદ, ગોધરા અને આણંદ સ્ટેશનો પર રોકાશે.

# ભાગવત કૃપાનું ફળ પૈસો નથી. પ્રભુકૃપા થાય તો સત્કર્મ કરવાની ઇચ્છા થાય છે,સત્કર્મ કરવાની ઇચ્છા થવીએ જ મોટી સંપત્તિ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો શાસ્ત્રમાં કોઈ ઠેકાણે લખ્યું નથીકે ભગવાન કૃપા કરેતો પૈસો આપેછે ઊલટું ભાગવતના આઠમા સ્કંધમાં તો લખ્યું છે કે, જેના ઉપર હું કૃપા કરું છું, તેની સઘળી સંપત્તિનો નાશ કરું છું. ભાગવત કૃપાનું ફળ પૈસો નથી. પ્રભુકૃપા થાય તો સત્કર્મ કરવાની ઈચ્છા થાય છે,સત્કર્મ કરવાની ઈચ્છા થવીએ જ મોટી સંપત્તિ છે

સંસારમાં સુખની આશાએ લોકો બહુ પરિશ્રમ કરેછે,તેટલો પરિશ્રમ ભાગવત સેવા કરવામાં કરે તો સુખી થાય. બાકી સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. ખુજલીને ખંજવાળો એટલે સુખ જેવું ભાસે છે,પરંતુ ઊલટું દરાજ વધે છે અને ત્રાસ આપે છે.આ સુખ તુચ્છ અને દુઃખમય જ છે. ડાહ્યો માણસ કોણ? શું નિત્ય છેને શું અનિત્ય છે તે જાણે તે ડાહ્યો. ગીતામાં ભગવાન કહે છે કે,ઇન્દ્રિયો તથા વિષયોના સંયોગ થી ઉત્પન્ન થતાં ભોગો કેવળ દુઃખ નું જ કારણ છે કે, તે આદિ અને અંતવાળા એટલે કે અનિત્ય છે.

પ્રહલાદજી બાળક છે,પણસમજે છે કેટલું બધું?અનિત્ય પદાર્થોના સેવનથી નિત્ય સુખની પ્રાપ્તિ થતી નથી,પછી એનો મોહ શું, એવું વિચારી એ પ્રભુને કહે છે કે, હું બધાથી કંટાળી ગયો છું. ત્યારે પ્રભુ કહે છે કે, તો ચાલ તને મારા ધામમાં લઈ જાઉં!ત્યાં તારા સુખ નો પાર ન રહે!પણ પ્રહલાદ એકલો જવાની ના પડે છે.એ તો કહે છેકે,હું મારા બધા ગોઠિયા ઓને લઈને જાઉં.

એકલા એકાંતમાં ભજન કરનારા અને તપશ્ચર્યા કરનારા પોતાની જાતનો જ ઉદ્ધાર કરે છે. પોતાની જાતનો ઉદ્ધાર કરનારા સ્વાર્થી છે. સંગમાં આવેલા દરેકને તારે તે વૈષ્ણવ. મને જે આપ્યું હોય તે બીજાને આપો, એટલે પ્રહલાદ કહે છે,હું એકલોપેટો નથી.મિત્રોને લઈ તમારા ધામમાં આવીશ. જ્ઞાન પણ આપોને ધન પણ આપો. ભાગવત તો ત્યાં સુધી કહે છે કે, પોતાનું પેટ ભરાય એટલા જ ધન પર માણસનો અધિકાર છે.એના થી વધારે પર જે હક તે ચોર છે.

અનન્ય ભક્તિનાં છ સાધનો છેઃ ૧.પ્રાર્થના,૨. સેવાપૂજા,૩. સ્તુતિ, ૪.કીર્તન અને વંદન,૫.નામસ્મરણ અને સત્સંગ, ૬. કથાશ્રવણ.આ છ સાધનો કરે તેને પ્રભુચરણમાં ભક્તિ મળે છે, અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય છે.

સ્તુતિના છેલ્લા શ્લોકમાં પ્રહલાદે કહ્યું છે:૧.સૌથી પહેલું કામ પ્રાર્થનાનું કરવું.ઊઠતાવેંત ઈશ્વર ની પ્રાર્થના કરો,પછી ધરતીમાતાને વંદન કરો. કરદર્શન કરવાં.સવારમાં હાથ જોવા એવો રિવાજ છે.તેનો અર્થ એ છે કે, હાથથી હું એવાં પવિત્ર કર્મો કરીશ કે, ભગવાનને મારે ઘરે આવવાની ઈચ્છા થાય. હું કલ્યાણરૂપ બનીશને કલ્યાણ કાર્ય કરીશ તેવો આ હાથનો સંકલ્પ છે,કારણ કે હાથએ ક્રિયા શક્તિનું રૂપ છે. હાથનાંઆંગળાંમાં લક્ષ્મીનો વાસ છે,હાથના મૂળમાં સરસ્વતી વસે છેને હાથનીમધ્યમાં ભગવાન વસે છે.તે ત્રણેનું સ્મરણ કરી કરદર્શન કરવું.પણ હવે તો પ્રભાતે કરદર્શનમ્ને બદલે પ્રભાતે કરદર્શનમ્ થાય છે.૧.અર્જુને જેમ પોતાના રથની લગામ ભગવાનને સોંપી હતી,તેમ તમે પણ તમારા જીવનરથની લગામ ભગવાનને સોંપી દેશો,તો તે સમયે પ્રભુ રથ જરૂર સહીસલામત પાર ઊતારશે.એ સિવાય રથને ઊગારવાનો બીજો રસ્તો પણ નથી ૨. પછી સ્નાન કરી પ્રભુની એકાંતમાં ઉપાસના કરો,સેવા કરો ૩.ત્રીજું સાધન છે સ્તુતિ. પ્રભુના ગુણ ગાઓ, મંગળ સ્તુતિ ગાઓ, મંગલ જ થશે.૪.સ્તુતિ પછી એકાંતમાં બેસી પ્રભુના નામનું કીર્તન કરો. કીર્તનથી પ્રાણ પ્રભુની કૃપામાં સ્થિર થાય છે.૫. ધંધો કરતાં પણ પ્રભુનામ સ્મરણ ચાલુ રાખવું.૬. પ્રભુના લાડીલા સાચા સંતોનો સંગ કરવો અને તેમને મુખેથી રામાયણ, ભાગવતનું કથા શ્રવણ કરવું. બને તો રોજ કથા સાંભળો. કથા સાંભળવાનું ન બને તો કથા વાંચો.

આમ દિવસભર સમસ્ત કર્મોનું સમર્પણ કરવું.રાત્રે સૂતા પહેલાં કરેલાં કર્મોનો વિચાર કરો અને કરેલાં કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરો. મારે હાથે પ્રભુને ગમે તેવું કાર્ય થયું છે?તેવું કાર્ય ન થયુંહોય એવો અંદરથી જવાબ આવે તો સમજવું, જીવ્યો નથી પણ મર્યો અને જો કંઈ પાપ થયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરો.આ છ સાધન વિધિપૂર્વક કરો તો જીવન સુધરે છે. તેને અનન્ય ભક્તિ મળે છે.

નૃસિંહસ્વામી પ્રહલાદને વરદાન માગવા કહે છે,પણ પ્રહલાદ નિષ્કામ ભક્ત છે, તે કંઈ ભોગો વગેરે માગતા નથી. કારણ કે પ્રભુની સેવા કરે અને બદલામાં ભોગ માગે તો તે વાણિયો કહેવાય.ભગવાનની ભક્તિ ભગવાન માટે કરો,ભોગ માટે નહીં વાણિયો એટલે વાણિયાને ઘરે જન્મ્યોએ નહીં,પણજે થોડુંઆપી વધારાની અપેક્ષા રાખેતે વાણિયો પ્રહલાદ કશું માગતો નથી ત્યારે નૃસિંહ ભગવાન પ્રસન્ન થઈ કહે છે કે, મને રાજી કરવા કંઈક માગ પ્રહલાદે માગ્યું,બાથ,એવી કૃપા કરી કે,સંસારનું કોઈપણ સુખ ભોગવવાનો વિચાર પણ મારા મનમાં ન આવે.મારા કદમમાં કોઈ દિવસ કોઈ કામનાઓનું બીજ અંકુરિત ન થાય એવું. વરદાન આપો.

પ્રહલાદે ભગવાન પાસે જે માગ્યું તે રોજ તમે પણ ભગવાન પાસે માગજો.કામના બોલ્યા નથી, કામનાઓ બોલ્યા છે. વાસનાનો સ્વભાવ એવો છે કે,કડી તૃપ્ત થવું જ નહીં.જરાક સંતોષવા જતાં વધુ ને વધુ અસંતોષ ઊભો થતો જાય છે.સંસાર સુખ ભોગવવાની ઈચ્છાએ જ મહાદુઃખ છે.જેને કોઈ સુખ ભોગવવાની ઈચ્છા નથી એ જ સુખી છે.એ દુઃખમાંથી હું બચું તેટલું જ થયું છે. એમ સમજીએ તો તે મોટામાં મોટું સુખ છે.માટે મન ઉપર સર્વદા ભક્તિનો અંકુશ રાખો.

ગીતામાં સર્વ કામ્ય કર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે. સર્વ ઈચ્છાઓનો ત્યાગ એને જ મહાત્માઓ સંન્યાસ કહે છે.જે આ અસ્ય જાણે છે તે જ બધું જાણે છે. જીવ નિષ્કામ બને છે.ત્યારે જીવ નો જીવભાવ નષ્ટ થાય છે અને પછી તે ભગવાન સાથે એક થાય છે.જીવ ઈશ્વરરૂપ બને છે. મુક્તિ માં પુણ્ય પણ બાધક થાય છે, માટે વિવેકથી પાપપુણ્યનો ક્ષય કરો.પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન ધરો.પાપએ લોહીની બેડી છે. પુણ્ય એ સોનાની બેડી છે,માટે એ બંને બેડીઓનો નાશ કરીમુક્ત બનો!પુણ્યનો પણ મોહ ન રાખો. છેલ્લે પ્રહલાદ કહે છે,નાથ મારા પિતાની દુર્ગતિ ન થાય એવી કૃપા કરો!આજે આપણે અહીં અટકી એ અસ્તુ. ગીતામાં સર્વ કામ્ય કર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે. સર્વ ઈચ્છાઓનો ત્યાગ એને જ મહાત્માઓ સંન્યાસ કહે છે.જે આ અસ્ય જાણે છે તે જ બધું જાણે છે. જીવ નિષ્કામ બને છે.ત્યારે જીવ નો જીવભાવ નષ્ટ થાય છે અને પછી તે ભગવાન સાથે એક થાય છે.જીવ ઈશ્વરરૂપ બને છે. મુક્તિ માં પુણ્ય પણ બાધક થાય છે, માટે વિવેકથી પાપપુણ્યનો ક્ષય કરો.પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન ધરો.પાપએ લોહીની બેડી છે. પુણ્ય એ સોનાની બેડી છે,માટે એ બંને બેડીઓનો નાશ કરીમુક્ત બનો!પુણ્યનો પણ મોહ ન રાખો. છેલ્લે પ્રહલાદ કહે છે,નાથ મારા પિતાની દુર્ગતિ ન થાય એવી કૃપા કરો!આજે આપણે અહીં અટકી એ અસ્તુ.

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025 : જ્ઞાન, કળા અને સંસ્કૃતિનું 11-દિવસીય મહાકુંભ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ 13 થી 23 નવેમ્બર 2025 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025' યોજાશે

રેલવે અમદાવાદ, તા. 11

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત આગામી તારીખ 13 થી 23 નવેમ્બર 2025 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025'નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલને આ 11-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવવા માટે ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે. એક લાખથી વધુ સ્ક્વેર ફીટ વિસ્તારમાં 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025'નું આયોજન થયું છે. આ 11 દિવસ સુધી ચાલનારા 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025'મા 300થી વધુ ઈવેન્ટ્સ અને દરેક યુવા માટે એક મુખ્ય સ્ટેજ તૈયાર છે. આ ઉપરાત પ્રવેશ સંપૂર્ણ નિઃશુલ્ક છે અને કાર્યક્રમ સ્થળની પાસે આવેલા ગ્રાઉન્ડમાં નિઃશુલ્ક પાર્કિંગ સુવિધા પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ બુક ફેસ્ટિવલ માત્ર એક પુસ્તક મેળો નથી, પરંતુ ગુજરાતનો સૌથી મોટો ક્લાસરૂમ છે, જ્યાં કોઈ દીવાલો નથી. ધોરણ 1 થી 12 અને કોલેજના વિદ્યાર્થીઓ નિઃશુલ્ક નોંધણી કરાવીને આ ફેસ્ટિવલને તેમની વાર્ષિક શૈક્ષણિક યાત્રા બનાવી શકે છે. આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન 1 - ચિલ્ડ્રન્સ કોર્નર (NCCL પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે 9 થી 12.30) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઝોન 2 - જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે 10 થી સાંજે 5) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે. જ્યારે ઝોન 3 - સ્કૂલ બોર્ડ શતાબ્દી મહોત્સવ પેવેલિયનમાં ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટના સિટી લેવલના ફાઈનલ રાઉન્ડ (રોજ સવારે ૧૦ થી સાંજે ૭:૩૦) યોજાશે.

મુખ્ય આકર્ષણો અને ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટ્સની વાત કરીએ તો, 13 અને 14 નવેમ્બર ક્વિઝ, 15 નવેમ્બર વાર્તાકથન (Storytelling), 16 નવેમ્બર ફેન્સી ડ્રેસ, 17 નવેમ્બર કિડ્સ પેનલ ડિસ્કશન, 18 નવેમ્બર ઈન્ટર-સ્કૂલ કોન્ટેસ્ટ, 19 નવેમ્બર ઈમ્પ્રમ્પ્ટુ સ્પીચ, 20 નવેમ્બર બુક રીડિંગ કોન્ટેસ્ટ તેમજ 21 નવેમ્બર મસ્તી કી પાઠશાલા મુખ્ય આકર્ષણો રહેશે. આ ઉપરાંત વિજેતાઓને ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ફેસ્ટિવલમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રોજ સાંજે 5.30 થી 7.30 દરમિયાન અંદાજિત 4 થી 7 આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મોનું પ્રદર્શન થશે. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025 દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના દરરોજ સાંજે 5.30 વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહાકુંભનો પ્રારંભ થશે. કિર્તીદાન ગઢવીનું લોક ઓર્કેસ્ટ્રા, અંકિત ત્રિવેદી સાથે ગુજરાતી કાવ્ય-સંગીત, સંદીપ ક્રિશ્ચિયન ઓર્કેસ્ટ્રા સાથે હિન્દી ફિલ્મ ગીતો પર કાવ્યાત્મક સંગીત પ્રદર્શન, કવિઓ સાથે ગ્રાન્ડ મુશાયરો, તેમજ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) કેજેએસ ઢીલોન અને આઈપીએસ (નિવૃત્ત) કે વિજયકુમાર સાથે શૌર્ય સંવાદ થશે. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા આચાર્ય પ્રશાંત, ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે. એઆઈ, ક્રાઈમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઈવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઈન્ટર્નશિપ અને કન્ટેન્ટ-રાઈટિંગની તકો મળશે.

આ કાર્યક્મમાં કેવી રીતે જોડાવવા માટે :

૧. તમારી સમગ્ર શાળા/ કોલેજ માટે એક જ Google ફોર્મ ભરો.

૨. તમારી અનુકૂળ તારીખ અને ઝોન પસંદ કરો.

૩. કન્ફર્મ થયેલ બસ-પાર્કિંગ સ્લોટ અને શિક્ષક પાસ રિટર્ન મેઈલ દ્વારા મેળવો.

૪. યુનિફોર્મમાં આવેલા વિદ્યાર્થીઓ અને સાથ આપતા શિક્ષકો (1.15ના રેશિયોમાં) માટે પ્રવેશ નિઃશુલ્ક છે. કૃપા કરીને આઈડી કાર્ડ સાથે રાખો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વાંચન અને સાહિત્યના સુયોગ્ય પ્રસાર થકી આવનારી પેઢી બૌદ્ધિક રીતે સક્ષમ બને અને સશક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા પ્રતિ વર્ષ 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે, જેને વર્ષ-૨૦૨૪થી 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' નામકરણ કરાયુંછે.

## ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના ખાતેદાર ખેડૂતને અકસ્માત મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના

નડિયાદ, તા. 11

ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ ખાતેદાર ખેડૂતને અકસ્માત મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના છે. આ યોજનામાં તમામ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઈ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતનો પતિ / પત્નીનો સમાવેશ થયેલ છે. અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી-સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં નીચે મુજબની સહાય મળવાપાત્ર રહેશે.(અ) અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી-સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૪.૦૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પુરા), (બ) અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ-પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૪.૦૦ લાખ, (ક) અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૪.૦૦ લાખ - (અંકે રૂપિયા ચાર લાખ પુરા), (ડ) અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦% લેખે રૂ. ૨.૦૦ લાખ, અરજી સાથે રજુ કરવાના જરૂરી આધાર પુરાવા (૧) નિયત અરજી પત્રક (૨)મૃતક ખાતેદાર ખેડૂત થયા તેની નોંધવાળું હકક પત્ર ગામનો નમૂનો-૬, ૭/૧૨, નૂમના ૮-અ નો ઉતારો ઈ-ધરામાંથી મેળવી કોમ્પ્યુટરાઈઝડ કોપી રજૂ કરવી.

## સાણંદમાં POCSO કાયદા અંતર્ગત વિશિષ્ટ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. 11

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમદાવાદ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના હેઠળ શ્રી જે.ડી.જી. સંસ્કાર કન્યા વિદ્યાલય, સાણંદ ખાતે POCSO એક્ટ, 2012 વિશે એક વિશિષ્ટ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાની વિદ્યાર્થિનીઓને POCSO અધિનિયમ, 2012 (Protection of Children from Sexual Offences Act) અંગે વિસ્તૃત માહિતી આપી, તેમને પોતાના કાનૂની હકો અને





સુરક્ષા વિશે જાગૃત કરવાનો હતો, જેના ભાગરૂપે વિદ્યાર્થિનીઓ સાથે કાયદા વિશે સંવાદ પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા બાળ સુરક્ષા એકમના સામાજિક કાર્યકર શ્રી મુકેશભાઈ પરમારે વિદ્યાર્થિનીઓને બાળ સુરક્ષા, જાતિ સમાનતા, વ્યક્તિગત સુરક્ષા, ગુડ ટચ, બેડ ટચ અને POCSO કાયદાની સંપૂર્ણ સમજ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ પણ વિવિધ પ્રશ્નો પૂછીને સક્રિય ભાગ લીધો હતો. આ ઉપરાંત, સંકલ્પ- હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમેન ટીમના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશ સોલંકીએ મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષા સંબંધિત યોજનાઓ વિશે માહિતી આપી હતી. કાર્યક્મમાં ઉપસ્થિત અધિકારીઓએ દીકરીઓને હંમેશા સ્વસંરક્ષણ માટે સજાગ રહેવાની અને શંકાસ્પદ પરિસ્થિતિમાં તાત્કાલિક 1098 અથવા 181 હેલ્પલાઈન પર સંપર્ક કરવાની અપીલ કરી હતી, તેમજ સહભાગી થયેલ શાળાની વિદ્યાર્થિનીઓ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'ઇન્વેસ્ટર કનેક્ટ ઇવેન્ટ' યોજાઇ

### ટેક્સટાઇલ, ફાર્મા અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રોમાં રોકાણ માટેનું સ્ટ્રેટેજિક લોકેશન બનવા છત્તીસગઢ તૈયાર

ગાંધીનગર, તા. 11

છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'ઈન્વેસ્ટર કનેક્ટ ઈવેન્ટ' યોજાઈ હતી. છત્તીસગઢ સરકારના ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગ દ્વારા અમદાવાદમાં યોજાયેલી 'ઈન્વેસ્ટર કનેક્ટ ઈવેન્ટ'નો મુખ્ય હેતુ ગુજરાતના રોકાણકારો સાથે ઔદ્યોગિક ભાગીદારી મજબૂત કરવાનો અને ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ, ફૂડ પ્રોસેસિંગ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં નવી વ્યવસાયિક તકો વિશે ઉદ્યોગો અને રોકાણકારોને માહિતગાર કરવાનો હતો. છત્તીસગઢ સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(CSIDC)ના ચેરમેન શ્રી રાજીવ અગ્રવાલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈએ કાર્યક્રમનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે છત્તીસગઢ ભગવાન શ્રી રામનું મોસાળ છે. રાજ્ય પાસે ખનીજ સંપદા અને વન સંપદાનો ભંડાર છે. દેશના હૃદયસ્થળની મધ્યમાં વસેલા છત્તીસગઢ રાજ્યથી દેશના લગભગ દરેક ખૂણે ૧૦૦ મિનિટ જેટલા જ સમયમાં પહોંચી શકાય છે. રોકાણ પ્રસ્તાવ રજૂ કરનાર સૌ ઉદ્યોગપતિઓનો આભાર વ્યક્ત કરતા શ્રી વિષ્ણુ દેવ સાઈએ જણાવ્યું હતું કે છત્તીસગઢની સુચારું ઉદ્યોગ નીતિ થકી આપ સૌને ઉદ્યોગોના વિકાસ માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છીએ. છત્તીસગઢમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ વસે છે. આથી ગુજરાતીઓ છત્તીસગઢમાં ઉદ્યોગ સંભાવનાઓ વિશે સુપેરે વાકેફ છે. મદદરૂપ ઉદ્યોગ નીતિ, સિંગલ વિન્ડો સિસ્ટમ અને માળખાગત સુવિધાઓની સરળ ઉપલબ્ધતા રાજ્યમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સુનિશ્ચિત કરે છે. અમારી સરળ ઉદ્યોગ નીતિના લીધે દશ મહિનામાં જ ૭.૫ લાખ કરોડના રોકાણ પ્રસ્તાવો રાજ્યને મળ્યા છે. તેમાંથી ઘણા ઉદ્યોગોએ પોતાના નિર્માણ કાર્યો પણ શરૂ કરી દીધા છે એમ તેમણે ઉમેર્યું હતું. છત્તીસગઢ વિશે જૂની જે માન્યતાઓ હતી એ હવે રહી




નથી એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં હવે રાજ્યમાં નક્સલવાદ અંત તરફ છે. રાજ્યના ઉદ્યોગોને હવે કોઈ પણ પ્રકારના પડકારો કે ખતરો નથી. સર્વાંગી ઔદ્યોગિક વિકાસ થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં છત્તીસગઢ પ્રતિબદ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ, તેમણે રોકાણકારોને છત્તીસગઢમાં રોકાણ કરવા માટે આમંત્રિત કર્યા હતા. છત્તીસગઢના મુખ્યમંત્રીશ્રીએ કેવડિયા ખાતે ભારત પર્વની મુલાકાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ દેશભરમાં ઉજવાઈ રહી છે. એકતાનગર ખાતે સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા એવી સ્ટેચ્યુ ઓફ યુનિટી આપણા સૌની એકતા પ્રદર્શિત કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'ઈન્વેસ્ટર કનેક્ટ ઈવેન્ટ' અંતર્ગત છત્તીસગઢ સરકારે વિવિધ રોકાણકારો અને ઉદ્યોગ સંસ્થાઓને 'ઈન્વિટેશન ટુ ઈન્વેસ્ટ' લેટર એનાયત કર્યા હતા, જે રાજ્યની ઝડપી રોકાણ પ્રક્રિયાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈએ થર્મલ પાવર પ્લાન્ટ, ગ્રીન સ્ટીલ મેન્યુફેક્ચરિંગ, સોલર સેલ, ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ફૂડ સપ્લિમેન્ટ્સ જેવા ક્ષેત્રોની અગ્રણી કંપનીઓને ઈન્વેસ્ટમેન્ટ લેટર્સ આપ્યા. આ રોકાણોથી રાજ્યમાં ૧૦,૫૩૨થી વધુ રોજગાર તકો સર્જાશે. 'ઈન્વેસ્ટર કનેક્ટ ઈવેન્ટ' થકી છત્તીસગઢને અંદાજિત ૩૩,૦૦૦ કરોડના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે. ગુજરાતના ઉદ્યોગ સમૂહના પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈ સાથે મુલાકાત કરી હતી. પ્રતિષ્ઠિત વડિલાલ ગ્રૂપે છત્તીસગઢમાં રોકાણ કરવા માટે ગાઢ રસ વ્યક્ત કર્યો હતો. ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દેવાંશુ ગાંધીએ મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈ સાથે મુલાકાત કરી અને રાજ્યમાં આઈસક્રીમ, ફ્રોઝન ફૂડ અને અન્ય પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સના ઉત્પાદન માટે યુનિટ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. છત્તીસગઢ સરકારના મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી (IAS) શ્રી સુબોધ સિંઘે પણ છત્તીસગઢમાં રોકાણની તકો વિશે ઉદ્યોગકારોને વિગતવાર જાણકારી આપી હતી. આ તકે શિવાલક ગ્રૂપના જોઈન્ટ એમડી શ્રી રાઘવેન્દ્ર સિંઘાનિયા અને વેલસ્પન ગ્રૂપના કોર્પોરેટ અફેર્સ હેડ શ્રી ધ્રુવમ ઠાકુરે પોતાના અનુભવો વર્ણવ્યા હતા. તેમણે છત્તીસગઢ રાજ્ય સરકાર દ્વારા તેમના ઉદ્યોગોના વિસ્તાર અને વિકાસ માટે ઉપલબ્ધ કરાવેલ સહકાર અને સહાયરૂપ નીતિઓ વિશે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. CII ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન શ્રી પ્રેમરાજ કશ્યપ અને CII, છત્તીસગઢ ચેપ્ટરના ચેરમેન શ્રી સંજય જૈને પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. તેઓએ છત્તીસગઢના મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, પ્રગતિશીલ નીતિઓ અને ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ ફ્રેમવર્કને પ્રકાશિત કરતી વિગતો પૂરી પાડી હતી. તેમણે વિકસિત ભારતના નિર્માણમાં ઔદ્યોગિક વિકાસ થકી સક્રિય યોગદાન પૂરૂં પાડવા માટે છત્તીસગઢની પ્રતિબદ્ધતા રજૂ કરી કરી હતી. છત્તીસગઢ સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગના સચિવ (IAS) શ્રી રજત કુમારે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે છત્તીસગઢમાં ઉપલબ્ધ તકો વિશે વિગતો રજૂ કરી હતી. છત્તીસગઢ સરકાર ઉદ્યોગોને આવકારવા તૈયાર છે એમ જણાવીને તેમણે સરકારની તૈયારીઓ સહિત રાજ્યમાં ઉપલબ્ધ ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રોથ રિફોર્મ્સ અને માળખાગત સુવિધાઓ અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે, છત્તીસગઢ સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (CSIDC) ના મેનેજિંગ ડિરેક્ટર (IRS) શ્રી વિશ્વેશ કુમારે આભારવિધી કરતા સૌ ઉપસ્થિત રોકાણકારોનો અને કાર્યક્રમના આયોજન સહિતના તમામ સહકાર બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાના લીધે રાજ્યના સુઆયોજિત ઔદ્યોગિક વિકાસને પગલે હવે અન્ય રાજ્યો પણ આ પ્રકારે ઈન્વેસ્ટર ઈવેન્ટ્સ દ્વારા રોકાણકારોને આકર્ષવાના કાર્યક્રમો યોજી રહ્યા છે.

## 50,963 બૂથ લેવલ ઓફિસર્સ 5.08 કરોડ મતદારોના મેપિંગ માટે રાજ્યભરમાં કાર્યરત

ગાંધીનગર, તા. 11

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ રાજ્યભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે. ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ



અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે. હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ 50,963 બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ 5.08 કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી તા.11/11/2025ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે 2.17 કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે 3.90 કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. જે બૂથ લેવલ ઓફિસર્સની કર્તવ્યનિષ્ઠાને આભારી છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા BLO ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલન થાય.

## રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ વિભાગ દ્વારા મુખ્ય ધોરીમાર્ગો પર માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં

ગાંધીનગર, તા. 11


રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ વિભાગ દ્વારા અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પસાર થતા મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા માર્ગોને રિપેર કરવાની કામગીરી પૂરજોશમાં પ્રગતિ હેઠળ છે. નેશનલ હાઈવે NH47, NH147 અને NH58 પર અલગ-અલગ વિસ્તારોમાં વરસાદથી પ્રભાવિત તેમજ અન્ય કારણોસર ક્ષતિ પામેલા માર્ગો પર પેચવર્ક અને મરામતની કામગીરી પૂરજોશમાં પ્રગતિમાં છે. ચિલોડા ગાંધીનગર સરખેજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ (NH147) પર સરગાસણથી વૈષ્ણોદેવી સેક્શનમાં દિવાળી બાદ થયેલા કમોસમી વરસાદના લીધે રસ્તાની સપાટીને નુકસાન થયું છે. આ ઉપરાંત, એસ.જી. હાઈવે પર દિવસ દરમિયાન સતત ચાલુ રહેતા વાહનવ્યવહારને ધ્યાને લઈ ટ્રાફિક જામની સમસ્યા ન ઉદભવે તે હેતુથી રાત્રી દરમિયાન ડામર પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે પ્રગતિ હેઠળ છે. અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૭ (NH47) પર બે મુખ્ય સેક્શનમાં સમારકામની કામગીરી ચાલી રહી છે. અમદાવાદ-બગોદરા સેક્શનમાં દિવાળી બાદ થયેલા કમોસમી વરસાદના લીધે રસ્તાની સપાટીને થયેલા નુકસાન અન્વયે ડામર પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે પ્રગતિ હેઠળ છે. આ જ રીતે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૭ પર બગોદરા-લીમડી સેક્શનમાં પણ કમોસમી વરસાદના લીધે રસ્તાની સપાટીને થયેલા નુકસાન અન્વયે ડામર પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. વધુમાં, ગુજરાત બોર્ડર આંતરસુબા વડાલી-ધરોઈ-સતલાસણા-ખેરાલુ-પાલનપુર રોડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૮ (NH58) પર ખેરાલુ-પાલનપુર સેક્શનમાં રસ્તાની સપાટીને થયેલા નુકસાન અન્વયે તથા વાહનચાલકોની સલામતી અને સુગમતાના હેતુથી કામગીરી હાથ ધરવામાં આવી છે.

# સમ્રાટ રાણાએ વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો : ભારત નવ મેડલ સાથે બીજા સ્થાને રહ્યું, મનુ અને ઈશા 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં મેડલ ચૂક્યા

## 2025ના IPL પહેલા એક મેગા ઓક્શન યોજાયું હતું. આ વખતે, એક મિની ઓક્શન યોજાશે

**કૈરો તા. 11**

કરનાલના યુવા શૂટર સમ્રાટ રાણાએ વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો. સોમવારે, ઈજિપ્તના કૈરોમાં ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે, સમ્રાટે મેન્સની 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં 243.7 ના સ્કોર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. ચીનની હુ કાઈ (243.7 પોઈન્ટ)એ સિલ્વર મેડલ જીત્યો, જ્યારે અન્ય એક ભારતીય, વરુણ કુમાર (243.7 પોઈન્ટ)એ બ્રોન્ઝ મેડલ જીત્યો. બે વાર ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર અને એશા સિંહ મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં મેડલ મેળવવાથી ભાગ્યે જ ચૂકી ગયા. ભારતે 3 ગોલ્ડ સહિત 13 મેડલ જીત્યા અને બીજા ક્રમે આવ્યું ભારતે આજે બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યા. આ સાથે ભારતના મેડલ ટેલિકોમમાં 13 મેડલ થયા છે, જેમાં ત્રણ ગોલ્ડ, ત્રણ સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. હાલમાં, ભારત મેડલ ટેલીમાં બીજા સ્થાને છે.



એક નબળા શોટને કારણે મનુ મેડલ ગુમાવી બેઠી મનુ ફાઈનલમાં સારું પ્રદર્શન કરી રહી હતી પરંતુ 14મા શોટમાં 8.8 ના નબળા સ્કોરને કારણે તે ટોચના સ્થાનેથી સાતમા સ્થાને સરકી ગઈ. તે 139.5 પોઈન્ટ સાથે મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ. ઉપરાંત, એશા દબાણમાં દેખાઈ રહી હતી. ફાઈનલમાં 1037ના શાનદાર પ્રદર્શન પછી, તે 14મા શોટમાં ફક્ત 8.4 પોઈન્ટ જ મેળવી શકી અને છઠ્ઠા સ્થાને રહી. ચીનની 20 વર્ષીય યાઓ કિઆનક્સુન (243.0 પોઈન્ટ)એ ગોલ્ડ, હોંગકોંગ-ચીનની હો ચિંગ શિંગ (241.2)એ સિલ્વર અને વેઈ કિઆન (ચીન, 221.4)એ બ્રોન્ઝ મેડલ જીત્યો. મનુ, ઈશા અને સુરુચીએ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવાથી થોડી રાહત મળી, જ્યાં એશા (583), મનુ (580) અને વિશ્વની નંબર વન સુરુચી ઈન્દર સિંઘ (577) 1740ના સ્કોર સાથે બીજા સ્થાને રહી. એશા અને મનુ બંને ક્વોલિફિકેશનમાં મજબૂત પ્રદર્શનના આધારે ફાઈનલમાં પહોંચી. એશા ક્વોલિફિકેશન તબક્કામાં 583 પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહી. તેણે ત્રીજી કેટેગરીમાં પણ સંપૂર્ણ 100 પોઈન્ટ હાંસલ કર્યા. એક નબળા શોટને કારણે મનુ મેડલ ગુમાવી બેઠી મનુ ફાઈનલમાં સારું પ્રદર્શન કરી રહી હતી પરંતુ 14મા શોટમાં 8.8 ના નબળા સ્કોરને કારણે તે ટોચના સ્થાનેથી સાતમા સ્થાને સરકી ગઈ. તે 139.5 પોઈન્ટ સાથે મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ. ઉપરાંત, એશા દબાણમાં દેખાઈ રહી હતી. ફાઈનલમાં 1037ના શાનદાર પ્રદર્શન પછી, તે 14મા શોટમાં ફક્ત 8.4 પોઈન્ટ જ મેળવી શકી અને છઠ્ઠા સ્થાને રહી. ચીનની 20 વર્ષીય યાઓ કિઆનક્સુન (243.0 પોઈન્ટ)એ ગોલ્ડ, હોંગકોંગ-ચીનની હો ચિંગ શિંગ (241.2)એ સિલ્વર અને વેઈ કિઆન (ચીન, 221.4)એ બ્રોન્ઝ મેડલ જીત્યો. મનુ, ઈશા અને સુરુચીએ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવાથી થોડી રાહત મળી, જ્યાં એશા (583), મનુ (580) અને વિશ્વની નંબર વન સુરુચી ઈન્દર સિંઘ (577) 1740ના સ્કોર સાથે બીજા સ્થાને રહી. એશા અને મનુ બંને ક્વોલિફિકેશનમાં મજબૂત પ્રદર્શનના આધારે ફાઈનલમાં પહોંચી. એશા ક્વોલિફિકેશન તબક્કામાં 583 પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહી. તેણે ત્રીજી કેટેગરીમાં પણ સંપૂર્ણ 100 પોઈન્ટ હાંસલ કર્યા.

## પાકિસ્તાની ક્રિકેટર નસીમ શાહના ઘરે ગોળીબાર થયો:પરિવાર માંડ માંડ બચ્યો, 5 આરોપીઓની ધરપકડ

**મુંબઈ, તા. 11**

પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહના ઘરે ગોળીબાર થયો છે. આ ઘટના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના લોઅર ડીર વિસ્તારમાં તેમના ઘરે બની હતી. અહેવાલો અનુસાર, હુમલા સમયે નસીમ શાહનો પરિવાર ઘરે હાજર હતો. ગોળીબારથી ઘરની બારીઓ, પાર્કિંગ વિસ્તાર અને મુખ્ય દરવાજાને નુકસાન થયું હતું. જોકે, તે સ્પષ્ટ નથી કે નસીમના નાના ભાઈઓ, હુનૈન શાહ અને ઉબૈદ શાહ, તે સમયે ઘરે હતા કે નહીં. PSL 2024 ની ફાઈનલમાં ઈસ્લામાબાદ યુનાઈટેડ માટે વિજયી રન બનાવનાર હુનૈન શાહે તાજેતરમાં કાયદ-એ-આઝમ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, તેણે અડધી સદી ફટકારી હતી અને 6 વિકેટ લીધી હતી. દરમિયાન, PSLમાં મુલતાન સુલ્તાન્સ માટે રમતા ઉબૈદ શાહે ગયા મહિનાના અંતમાં લાહોર વ્હાઈટ્સ માટે એક ડોમેસ્ટિક મેચ રમી હતી. પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે આ ઘટના બાદ પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે અને કેસની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે નસીમ શાહના ઘરની બહાર સુરક્ષા વધારી દીધી છે. સ્થાનિક અખબાર ડોન અનુસાર, નસીમ શાહના પિતાએ આ મામલે ચર્ચા કરવા માટે પોલીસ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. નસીમ શાહનો ODI શ્રેણી માટે ટીમમાં સમાવેશ નસીમ શાહ હાલમાં શ્રીલંકા સામેની ODI શ્રેણી માટે પાકિસ્તાન ટીમનો ભાગ છે. ત્રણ મેચની શ્રેણી મંગળવારથી રાવલપિંડીમાં શરૂ થશે.

## દિલ્હી બ્લાસ્ટ બાદ કોલકાતામાં સુરક્ષા વ્યવસ્થા વધારો : ઈડન ગાર્ડન્સ ખાતે પોલીસની હાજરીમાં વધારો



**મુંબઈ, તા. 11**

દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ, કોલકાતા પોલીસે ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં સુરક્ષા વધારી દીધી છે, અને ભારતીય અને સાઉથ આફ્રિકાની ટીમ જે હોટલોમાં રોકાઈ રહી છે તેની બહાર પોલીસ કર્મચારીઓની સંખ્યામાં પણ વધારો કર્યો છે. સાઉથ આફ્રિકાની ટીમ હાલમાં ભારતના પ્રવાસે છે. ટીમ બે ટેસ્ટ, ત્રણ વન-ડે અને પાંચ T20 મેચ રમવાની છે. બે ટેસ્ટ મેચની સિરીઝની પહેલી મેચ 14 નવેમ્બરે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે. ભારત અને સાઉથ આફ્રિકાની ટીમ પહેલાથી જ કોલકાતા પહોંચી ચૂકી છે. કોલકાતામાં ખાસ સુરક્ષા યોજના સોમવારે દિલ્હીમાં થયેલા બોમ્બ વિસ્ફોટો, જેમાં 12 લોકોના મોત થયા હતા, તે પછી કોલકાતા પોલીસે ભારત અને સાઉથ આફ્રિકા બંને ટીમ માટે ખાસ સુરક્ષા યોજના વિકસાવી છે. ઈડન ગાર્ડન્સ અને ટીમ હોટલની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરના તમામ મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. કડક દેખરેખ હેઠળ નેટ પ્રેક્ટિસ શરૂ થશે ભારત અને સાઉથ આફ્રિકાની ટીમો મંગળવારે સવારે ઈડન ગાર્ડન્સ ખાતે પ્રેક્ટિસ શરૂ કરશે. મેદાનની અંદર અને આસપાસ સીસીટીવી દેખરેખ અને સુરક્ષા કર્મચારીઓની વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પોલીસ કમિશનર સુરક્ષાની સમીક્ષા કરશે કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્મા મંગળવારે ઈડન ગાર્ડન્સ ખાતે સુરક્ષા તૈયારીઓની વ્યક્તિગત સમીક્ષા કરશે. સોમવારે ક્રિકેટ એસોસિયેશન ઑફ બંગાળ (CAB) અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ વચ્ચે સુરક્ષા વ્યવસ્થા અને વધારાના સાવચેતીના પગલાં અંગે ચર્ચા કરવા માટે એક સંયુક્ત બેઠક યોજાઈ હતી. દિલ્હીમાં થયેલા વિસ્ફોટમાં 12 લોકોના મોત, 21 ઘાયલ સોમવારે સાંજે લગભગ 6:52 વાગ્યે દિલ્હીના લાલ કિલ્લા પાસે એક ધીમી ગતિએ ચાલતા વાહનમાં વિસ્ફોટ થયો.

# દિશા પટનીના ઘરની રેકી કરનાર ગેંગસ્ટરની ધરપકડ


- દિલ્હી પોલીસે રાજસ્થાનમાંથી જીતુ ચારણને ઝડપી પાડ્યો, ગુજ્જુ કોમેડિયન મુનાવરની રેકી કરી હોવાની શંકા



**મુંબઈ તા. 11**


એક્ટ્રેસ દિશા પટનીના ઘરે થોડા મહિના પહેલા ગોળીબાર થયો હતો. ત્યારે એક્ટ્રેસના ઘરની રેકી કરનાર અને કોમેડિયન મુનાવર ફારુકીના ઘરની રેકી કરનાર ગેંગસ્ટર જિતેન્દ્ર ઉર્ફે જીતુ ચારણની પોલીસે ધરપકડ કરી છે. દિલ્હી પોલીસના કાઉન્ટર ઈન્ટેલિજન્સ સ્પેશિયલ સેલે પાંચ દિવસ પહેલા રાજસ્થાનના પોખરણમાંથી સેલેબ્સના ઘરની રેકી કરનાર અને રાજસ્થાનના નાગોરના કુચામન ગામના ઉદ્યોગપતિ રમેશ રુલાનિયાની હત્યામાં ગોળીબારનો આદેશ આપનારા માસ્ટરમાઈન્ડ જીતુ ચારણની ધરપકડ કરી હતી. ગેંગસ્ટર પર 25,000 રૂપિયાનું ઈનામ હતું. 7 ઓક્ટોબરના હત્યાકાંડ બાદ, રાજસ્થાન પોલીસે જીતુની શોધમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. જોકે, તે જેસલમેરના પોખરણમાં છુપાયેલો હતો. પૂછપરછ દરમિયાન તેણે અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. જીતુ ચારણ દેશના વિવિધ શહેરોમાં થતી દરેક મોટી ઘટનામાં રોહિત ગોદારા ગેંગ માટે શૂટર્સને આર્થિક રીતે મદદ કરતો હતો. જીતુ ચારણને રોહિત ગોદારા ગેંગના આગામી લક્ષ્ય વિશે અગાઉથી જાણકારી હતી. દિશા પટનીના ઘરની રેકી કરવા ગયો હતો અજમેર જિલ્લાના રૂપનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના કરદલા ગામનો રહેવાસી ગેંગસ્ટર જીતુ ચારણએ ગોળીબાર પહેલા ઉત્તરપ્રદેશના બરેલીમાં એક્ટ્રેસ દિશા પટનીના ઘરની રેકી કરી હતી.

## ગરીબીના કારણે બાળપણમાં રાજ કપૂરના ગેરેજમાં રહ્યા



**મુંબઈ, તા. 11**

'મિસ્ટર ઈન્ડિયા' અને 'વો સાત દિન' જેવી ફિલ્મોનું નિર્માણ કરીને બોલિવૂડમાં પ્રોડ્યૂસર તરીકે અલગ સ્થાન બનાવનાર બોની કપૂર માટે આ પદ સુધી પહોંચવું સરળ નહોતું. જ્યારે બોની કપૂરના પિતા સુરિન્દર મુંબઈ આવ્યા, ત્યારે પરિવારને રાજ કપૂરના ગેરેજમાં રહેવું પડ્યું. જોકે, ધીમે ધીમે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ. તેમના પિતા હિન્દી સિનેમામાં પોતાને સ્થાપિત કરી શક્યા, પરંતુ પછી તેઓ હૃદય રોગથી પીડાયા હતા. પરિણામે બોની કપૂરે પરિવારની જવાબદારી સંભાળી. બોની કપૂરનું બાળપણ અત્યંત ગરીબીમાં વીત્યું. તેમના પિતા સુરિન્દર કપૂરનો જન્મ પેશાવરમાં થયો હતો. પૃથ્વીરાજ કપૂર અને સુરિન્દર પિતરાઈ ભાઈ હતા. પૃથ્વીરાજ કારકિર્દી બનાવવા માટે પેશાવરથી મુંબઈ આવ્યા અને સખત મહેનત દ્વારા પોતાના માટે એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. જ્યારે પૃથ્વીરાજ પોતે મુંબઈ સ્થાયી થયા, ત્યારે તેમણે તેમના ભાઈ સુરિંદરને પણ મુંબઈ બોલાવ્યા. સુરિંદર કપૂર શરૂઆતમાં ગીતા બાલીના પર્સનલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. ત્યારબાદ તેઓ ફિલ્મ નિર્માણમાં જોડાયા. સુરિંદરને ત્રણ દીકરા, બોની કપૂર (પ્રોડ્યૂસર), અનિલ કપૂર (એક્ટર) અને સંજય કપૂર (એક્ટર) છે. જોકે, સુરિંદર કપૂરને પાછળથી હૃદયની બીમારી થઈ. તેમને તણાવ ન થાય તે માટે, બોની કપૂરે ઘરની જવાબદારી સંભાળી. ગલાટા પ્લસ સાથે વાત કરતા બોની કપૂરે કહ્યું હતું.





## 'તારા વિના મારું કોઈ અસ્તિત્વ નથી': પરિણીતી ચોપરા પતિ રાઘવ ચઢ્ઢાના જન્મદિવસે ભાવુક થઈ

**મુંબઈ તા. 11**

બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતી ચોપરાએ પતિ રાઘવ ચઢ્ઢાને જન્મદિવસની અનોખા અંદાજમાં શુભેચ્છા પાઠવી છે. એક્ટ્રેસે પતિ અને આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવના ફોટો શેર કરીને ઈમોશનલ મેસેજ લખ્યો છે. પરિણીતી-રાઘવનાં લગ્ન વર્ષ 2023માં થયાં હતાં, પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ વર્ષ 2023માં રાજસ્થાનના ઉદયપુરમાં લીલા પેલેસ ખાતે એક ભવ્ય સમારોહમાં લગ્ન કર્યાં હતાં. આ લગ્ન સમારોહમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને રાજકારણના ઘણા જાણીતા ચહેરા હાજર રહ્યા હતાં.દિવાળીએ પરિણીતી-રાઘવના કાનુડાની પધરામણી થઈ, પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાના ઘરે 19 ઓક્ટોબર 2025ના રોજ દીકરાનો જન્મ થયો હતો. રાઘવ ચઢ્ઢાએ ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કરીને આ ખુશખબરી આપી હતી.કપિલ શર્માના શોમાં પ્રેગ્નેન્સીની હિન્ટ આપી હતી, થોડા સમય પહેલાં બંનેએ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં પરિણીતીની પ્રેગ્નેન્સીની હિન્ટ આપી હતી. કપિલે તેના લગ્નનો એક કિસ્સો શેર કર્યો અને જણાવ્યું કે કેવી રીતે તેની માતાએ તેની પત્ની ગિન્નીને જોતાંની સાથે જ દાદી બનવાની ઈચ્છા વ્યક્ત કરી. આ પછી કપિલે રાઘવ અને પરિણીતીને પૂછ્યું કે શું તેમની સાથે પણ આવું કંઈક થયું છે? આ વાત પર રાઘવે તરત જ જવાબ આપ્યો- 'દેંગે, આપકો દેંગે... ગુડ ન્યૂઝ જલદી દેંગે. 'પરિણીતી તેના પતિની વાત સાંભળીને થોડી શરમાઈ ગઈ હતી. કપિલે તેના લગ્નનો એક કિસ્સો શેર કર્યો અને જણાવ્યું કે કેવી રીતે તેની માતાએ તેની પત્ની ગિન્નીને જોતાંની સાથે જ દાદી બનવાની ઈચ્છા વ્યક્ત કરી. આ પછી કપિલે રાઘવ અને પરિણીતીને પૂછ્યું કે શું તેમની સાથે પણ આવું કંઈક થયું છે? આ વાત પર રાઘવે તરત જ જવાબ આપ્યો- 'દેંગે, આપકો દેંગે... ગુડ ન્યૂઝ જલદી દેંગે. 'પરિણીતી તેના પતિની વાત સાંભળીને થોડી શરમાઈ ગઈ હતી.

# IPOના શેરોના લિસ્ટિંગમાં ડિસ્કાઉન્ટ બોલાવા લાગતાં રોકાણકારોમાં પ્રવર્તી રહેલી નિરાશા...

- ઈસ્યુમાં રોકાણ બાદ નબળા લિસ્ટિંગે નુકશાની થઈ રહી હોઈ રિટેલ અને સંસ્થાકીય રોકાણકારો પણ હવે સાવચેત
- મેનેજ્ડ માર્કેટ... ઊંચા વેલ્યુએશને પ્રમોટરો, ઈન્વેસ્ટરોની ઓફર ફોર સેલ સામે સવાલ : નિષ્ણાંતોની પ્રાઈમરી માર્કેટમાં રોકાણ સંદર્ભે લાલબત્તી

મુંબઈ, તા.11

ભારતીય મૂડી બજારમાં અત્યારે સેકન્ડરી માર્કેટમાં સુસ્તી છવાયેલી રહ્યા સામે પ્રાઈમરી માર્કેટ-ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ((આઈપીઓ) થકી અનેક કંપનીઓના પ્રમોટરો અને આઈપીઓ પૂર્વે કંપનીમાં રોકાણ કરનારા શેરહોલ્ડરોએ ઓફર ફોર સેલ (એફપીઓ) લાવીને પોતાના શેરો પબ્લિકને પધરાવીને રોકડી કરવાની હોડ લગાવી છે. ગ્રે માર્કેટમાં ઊંચા પ્રીમિયમ બોલાવીને અને ભરણાને અનેક ગણા છલકાવી દઈ આઈપીઓમાં પબ્લિકને ઊંચા ભાવે શેરો વેચવાનો રીતસરનો ખેલ ખેલાઈ રહ્યો છે. પરંતુ અનેક ગણા છલકાતાં આઈપીઓના શેરોનું શેર બજારો પર લિસ્ટિંગમાં સૂરસુરિયું એટલે કે ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગ થવા લાગતાં રોકાણકારો માટે આઈપીઓમાં રોકાણ ખોટનો સોદો પૂરવાર થઈ રહ્યો છે. જેથી અનેક રિટેલ રોકાણકારોમાં નિરાશા છવાઈ છે.

પાછલા સપ્તાહમાં જ સ્ટડ્સ એસેસરીઝ લિમિટેડનો સંપૂર્ણ ઓફર ફોર સેલ (ઓએફએસ)ના કરાયેલો આઈપીઓ અધધ...૭૩ ગણો છલકાવી દેવાયો હતો. પરંતુ શુક્રવારે તેના શેરોના લિસ્ટિંગમાં ફુગ્ગો ફૂટી ગયો હોય એમ ૩.૫ ટકા ડિસ્કાઉન્ટે શેરનું લિસ્ટિંગ થતાં અનેક રોકાણકારોમાં નિરાશા છવાઈ છે. શેરનું આજે નવા સપ્તાહના પ્રથમ દિવસે સતત ધોવાણ ચાલુ રહી આજે શેર બીએસઈ પર વધુ ૨.૨૦ ટકા એટલે કે રૂ.૧૨.૩૦ તૂટીને રૂ.૫૪૮ આવી ગયો છે. જે નીચામાં રૂ.૫૪૫.૫૦ સ્પર્શ્યો હતો.

કંપનીએ શેર દીઠ રૂ.૫૮૫ ભાવે શેરોની આઈપીઓમાં ફાળવણી કરી હતી. આ આઈપીઓ ૭૩.૨૫ ગણો ભરાયો હતો. જેમાં



રિટેલ કેટેગરીમાં જ ૨૭,૨૫,૧૪૨ શેરો અનામત સામે ૨૨.૦૯ ગણો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ બાયર્સ-ક્યુઆઈબીઝ કેટેગરીમાં ૧૫૯.૯૯ ગણો જંગી ભરાયો હતો. કુલ ઈશ્યુ સાઈઝ ૭૭,૮૬,૧૨૦ શેરોની જોઈએ તો બે દિવસમાં જ રોકાણકારોને આજના બંધ ભાવ રૂ.૫૪૮ મુજબ શેર દીઠ રૂ.૩૭નું એટલે કે રૂ.૨૮.૮૦ કરોડનું જંગી નુકશાન થઈ ગયું છે.

આ દરમિયાન લેન્સકાર્ટ સોલ્યુશન્સ લિમિટેડના પણ બહુચર્ચિત મેગા રૂ.૭૨૦૦ કરોડના આઈપીઓમાં પબ્લિક ઈસ્યુ ૯,૯૭,૬૧,૨૫૭ શેરો માટે જંગી ૨૮.૨૬ ગણો પ્રતિસાદ મળ્યો હતો. પરંતુ આજે-સોમવારે ૧૦, નવેમ્બરના કંપનીના શેરોનું લિસ્ટિંગ નિરાશાજનક થઈ ડિસ્કાઉન્ટે રૂ.૩૯૫ ભાવે લિસ્ટિંગ થઈ શેર ઈન્ટ્રા-ડે રૂ.૩૫૬.૧૦ સુધી ગબડી ગયો હતો. જે અંતે રિકવર થઈ રૂ.૪૦૪.૫૫ રહ્યો હતો. આમ ઈસ્યુ ભાવ રૂ.૪૦૨ સામે ડિસ્કાઉન્ટે લિસ્ટિંગ સાથે રોકાણકારોમાં નિરાશા છવાઈ હતી.

જ્યારે એમટીઆર ફેઈમ ઓર્કલા ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ જે ૨૬.૮૫ ગણો છલકાયો હતો, એ પણ રોકાણકારોની ફેન્સી ગુમાવવા લાગી વધતી નુકશાની સાથે આજે શેરના રૂ.૭૩૦ ઈસ્યુ ભાવ સામે ગબડીને ૭.૨૫ ટકા ડિસ્કાઉન્ટમાં રૂ.૬૭૬ આવી ગયો છે. જે કંપનીના કુલ ૨,૨૮,૪૩,૦૦૪ શેરોના ઈસ્યુ મુજબ શેર દીઠ ભાવ રૂ.૫૪ તૂટી ગયો હોઈ રોકાણકારોને આજના બંધ ભાવ રૂ.૬૭૬ મુજબ રૂ.૧૨૩ કરોડ જેટલું નુકશાન થઈ રહ્યું છે. આમ પ્રાઈમરી-આઈપીઓ માર્કેટમાં રોકાણ કરનારા રોકાણકારોને મોટી નુકશાની થઈ રહી છે.

બજારના નિષ્ણાંત સમક્ષકો પણ હવે પ્રાઈમરી માર્કેટમાં રોકાણ બાબતે લાલબત્તી બતાવવા લાગ્યા છે. નિષ્ણાંતના મતે છેલ્લા કેટલાક વર્ષોમાં આઈપીઓ બજારમાં મોટાપાયે સક્રિયતા જોવાઈ છે. પરંતુ મોટાભાગના પ્રમોટર્સ અને ઈન્વેસ્ટમેન્ટ બેંકરો ઘણા સ્માર્ટ અને વધુ વ્યુહાત્મક બની ગયા છે.

વેલ્યુએશન અને સમય પ્રત્યેનો તેમનો અભિગમ બદલાયો હોય એવું લાગે છે. આ રોકાણકારો હવે સસ્તા વેલ્યુએશન સાથે બજારમાં નહીં આવીને ઊંચા વેલ્યુએશને શેરો ઓફર કરી રહ્યા છે. ઈસ્યુમાં રોકાણ બાદ નબળા લિસ્ટિંગે નુકશાની થઈ રહી હોઈ રિટેલ અને સંસ્થાકીય રોકાણકારો પણ હવે સાવચેત બની રહ્યા છે.

# સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 83,250 પર ટ્રેડ કરી રહ્યો છે

- નિફ્ટીમાં પણ 80 પોઈન્ટનો ઘટાડો, તે 25,500ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે

મુંબઈ, તા.11

અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, મંગળવાર, 11નવેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 250 પોઈન્ટ ઘટીને 83,250ની સપાટીએ ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ 80 પોઈન્ટ ઘટીને 25,500ના સ્તરે પહોંચી ગયો છે.



એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.43% વધીને 51,131 અને કોરિયાનો કોસ્પી 1.48% વધીને 4,133 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.34% ઘટીને 26,558 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.38% ઘટીને 4,003 પર કારોબાર કરી રહ્યો છે.

10 નવેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.81% વધીને 47,368 પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ 2.27% અને S&P 500 1.54% વધીને બંધ થયો હતો. 10 નવેમ્બરના રોજ, FIIએ રૂ. 4,076 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે DII એ રૂ. 5,811 કરોડના શેર ખરીદ્યા હતા.

ઓક્ટોબર મહિનામાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ 14,610 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

સપ્ટેમ્બર મહિનામાં, FII એ 35,301.36 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે DII એ 65,343.59 કરોડના શેર ખરીદ્યા હતા.

10 નવેમ્બર, અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 319 પોઈન્ટ વધીને 83,535 પર બંધ થયો. નિફ્ટી પણ 82પોઈન્ટ વધીને 25,574 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 19 શેરોમાં તેજી રહી હતી.

# સોનું ₹2,341 વધીને ₹1.24 લાખ પ્રતિ 10 ગ્રામ થયું

## 2 દિવસમાં ₹4,047નો વધારો થયો, ચાંદી ₹2,695 વધીને ₹1.54 લાખ પ્રતિ કિલો થઈ

નવી દિલ્હી, તા.11

11 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ 1,706 વધીને 1,24,147 થયો છે. અગાઉ, ભાવ 1,22,441 પ્રતિ 10 ગ્રામ હતો. માત્ર બે ટ્રેડિંગ દિવસોમાં, તેમાં 4,047નો વધારો થયો છે. ગયા શુક્રવારે, તે 1,20,100 હતો.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 2,695 વધીને 1,54,338 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેનો ભાવ 1,51,643 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું, અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100ની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,925નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,22,087 થયો છે.



### આગામી દિવસોમાં સોનામાં વધઘટ ચાલુ રહી શકે છે

નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને ટેકો આપશે. આ વર્ષે, આગામી દિવસોમાં તેની કિંમત 1.20 લાખ થી 1.22 લાખની આસપાસ રહેવાની ધારણા છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે.

આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 64,958નો વધારો થયો છે. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ, જે 31 ડિસેમ્બર, 2024 ના રોજ 86,017 હતો, તે હવે વધીને 1,50,975 પ્રતિ કિલોગ્રામ થયો છે. IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,925નો વધારો થયો છે.

## છૂટક ફુગાવો 1% થી નીચે આવી શકે છે

# ઓક્ટોબરમાં છઠ્ઠા મહિનામાં 20 જરૂરી ચીજવસ્તુઓનો ઈન્ડેક્સ 3.6% ઘટ્યો, શાકભાજી, કઠોળ, ચોખા 51% સુધી સસ્તા થયા

નવી દિલ્હી, તા.11

દેશમાં ફુગાવો સતત ઘટી રહ્યો છે. ઓક્ટોબરમાં શાકભાજી 51%, કઠોળ 29% અને ચોખા 1.2% સસ્તા થયા છે. બેંક ઓફ બરોડાનો અંદાજ છે કે આના કારણે ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ફક્ત 0.4-0.6% થઈ શકે છે, જે સપ્ટેમ્બરમાં 1.5% હતો. ગયા મહિને, બજારોમાં શાકભાજીની આવક 30% વધી હતી. આ વલણ નવેમ્બરમાં પણ ચાલુ રહ્યું છે.

BOB આવશ્યક ચીજવસ્તુઓનો સૂચકાંક સતત છઠ્ઠા મહિને ઘટ્યો છે. ઓક્ટોબરમાં, તે એક વર્ષ અગાઉની સરખામણીમાં 3.60% ઘટ્યો હતો. નવેમ્બરના પહેલા છ દિવસમાં પણ સૂચકાંક 3.80% ઘટ્યો હતો. તે શાકભાજી, કઠોળ, તેલ અને અનાજ સહિત 20 આવશ્યક ચીજવસ્તુઓનું માપ કાઢે છે. ટામેટાં, ડુંગળી અને બટાકા (TOP) માં ગયા મહિને સૌથી મોટો ભાવ ઘટાડો જોવા મળ્યો હતો.

બેંક ઓફ બરોડાના અર્થશાસ્ત્રી અદિતિ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'દેશમાં સારા પાક, વૈશ્વિક સ્તરે ચોખા જેવી કૃષિ ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો અને GST દરમાં



ઘટાડાને કારણે ફુગાવો સતત ઘટી રહ્યો છે. અમારું માનવું છે કે આગામી મહિનાઓમાં પણ છૂટક ફુગાવો ઓછો રહેશે.'

2024ની સરખામણીમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ફેરફાર

| આવશ્યક ચીજવસ્તુઓ | ઓક્ટોબર 2025 | 6 નવેમ્બર, 2025 સુધીમાં |
|---|---|---|
| શાકભાજી | 31-51% | 29-52% |
| કઠોળ | 0.6-29% | 1.3-29% |
| મીઠું | 2.70% | 3.20% |
| ચોખા | 1.20% | 1.60% |
| લોટ | 1.90% | 0.40% |
| ખાંડ | 3.60% | 3.50% |
| ખાદ્ય તેલ | 8.1-17% | 3.2-12% |

નોંધ: સામાન્ય વલણથી વિપરીત, મગફળીનું તેલ ઓક્ટોબરમાં 2.5% અને નવેમ્બરના પહેલા અઠવાડિયામાં 4.4% સસ્તું થયું.

સ્ત્રોત: બેંક ઓફ બરોડા રિસર્ચ

શાકભાજી: 2020 પછી ડુંગળી સૌથી સસ્તી છે

રિપોર્ટ મુજબ, ઓક્ટોબરમાં ડુંગળીના ભાવમાં 51%, ટામેટાના ભાવમાં 40% અને બટાકાના ભાવમાં 31%નો ઘટાડો થયો છે. ડિસેમ્બર 2020 પછી ડુંગળીના ભાવમાં સૌથી વધુ ઘટાડો થયો છે. આ મહિને નવા બટાકા આવશે. જોકે, શરૂઆતમાં નવા બટાકા મોંઘા હોય છે.

અનાજ: એપ્રિલથી ચોખાના ભાવમાં સતત ઘટાડો થયો છે, જ્યારે લોટના ભાવમાં વધારો થયો છે

આ વર્ષે એપ્રિલથી ચોખાના ભાવ દર મહિને ઘટી રહ્યા છે. ઓક્ટોબરમાં પણ ભાવમાં 1.2%નો ઘટાડો થયો હતો. દરમિયાન, દર મહિને લોટના ભાવમાં થોડો વધારો થઈ રહ્યો છે. ઓક્ટોબરમાં, લોટના ભાવમાં લગભગ 2%નો વધારો થયો હતો.

કઠોળ: અરહર દાળના ભાવ 8 વર્ષમાં સૌથી વધુ ઘટ્યા

ઓક્ટોબરમાં, કઠોળના ભાવ આઠ વર્ષમાં સૌથી વધુ ઘટ્યા. અરહર દાળમાં 29%નો ઘટાડો થયો, જે જાન્યુઆરી 2018 પછીનો સૌથી મોટો ઘટાડો છે. દરમિયાન, ખાદ્ય તેલ - સરસવનું તેલ, સોયાબીન તેલ અને સૂર્યમુખી તેલ - અનુક્રમે 16%, 8% અને 17% પર રહ્યા. સપ્ટેમ્બરમાં આ ભાવમાં 31% સુધીનો વધારો થયો હતો.

# ટાટા મોટર્સનાં કોમર્શિયલ વાહન યુનિટ આજથી લિસ્ટ થશે

# ડિમર્જર પછી શેરધારકોને 1:1ના ગુણોત્તરમાં શેર મળશે, વિગતો જાણો

મુંબઈ, તા.11

ટાટા મોટર્સનું કોમર્શિયલ વ્હીકલ (CV) યુનિટ આવતીકાલે 12 નવેમ્બરના રોજ BSE અને NSE પર લિસ્ટ થવાનું છે. ડિમર્જરના ભાગ રૂપે કંપનીએ તેના પેસેન્જર વ્હીકલ અને કોમર્શિયલ વ્હીકલ વ્યવસાયોને અલગ-અલગ લિસ્ટેડ કંપનીઓમાં વિભાજીત કર્યા છે.

સીવી યુનિટનું નામ હવે ટાટા મોટર્સ લિમિટેડ રાખવામાં આવશે, જ્યારે પેસેન્જર વ્હીકલ યુનિટનું નામ ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડ (TMPVL) રાખવામાં આવશે.



ટાટા મોટર્સે ગયા વર્ષે ઓગસ્ટમાં તેના કોમર્શિયલ વાહન અને પેસેન્જર વાહન વ્યવસાયોને અલગ કરવાની યોજનાને મંજૂરી આપી હતી, જેનું વિભાજન 1 ઓક્ટોબર, 2025 થી અમલમાં આવશે.

આ અંતર્ગત, કંપનીને બે અલગ લિસ્ટેડ એન્ટિટીમાં વિભાજીત કરવામાં આવી. પેસેન્જર વાહન વ્યવસાય (ઈલેક્ટ્રિક વાહનો અને JLR સહિત) TMPVL માં જ રહ્યો, જ્યારે CV વ્યવસાયને એક નવી કંપની, ટાટા મોટર્સ લિમિટેડમાં વિભાજીત કરવામાં આવશે.

શેરધારકો લિસ્ટિંગ પછી સીવી યુનિટ્સના શેરનું વેપાર કરી શકશે

રેકોર્ડ તારીખ: 14 ઓક્ટોબર, 2025, હકદારી ગુણોત્તર: 1:1

મતલબ કે, ટાટા મોટર્સના દરેક શેર માટે, સીવી યુનિટનો એક શેર મફતમાં મળ્યો.

તમામ શેરધારકોને CV યુનિટ્સના કુલ 368.23 કરોડ શેર ફાળવવામાં આવ્યા છે.

આ શેર ડીમેટ ખાતામાં જમા થઈ ગયા છે, પરંતુ ટ્રેડિંગ અત્યાર સુધી લૉક હતું.

આવતીકાલે લિસ્ટિંગ પછી શેરધારકો સીવી યુનિટના શેરનું ટ્રેડિંગ કરી શકશે.

કંપનીના નામ અને ટ્રેડિંગ કોડમાં ફેરફાર

જૂની ટાટા મોટર્સ હવે TMPVL (પેસેન્જર વ્હીકલ્સ + EVs + JLR) બની ગઈ છે.

સીવી યુનિટ હવે ટાટા મોટર્સ લિમિટેડ તરીકે ઓળખાશે.

લિસ્ટિંગ પછી, સીવી શેર 'ટી' જૂથમાં ટ્રેડ થશે, જેની ફેસ વેલ્યુ 2 હશે.

વિશ્લેષકોનો અંદાજ: લિસ્ટિંગ કિંમત 320 થી 470 ની વચ્ચે હોઈ શકે છે.

ડિમર્જર પર મળેલા શેર પર મૂડી લાભ કર લાગુ થશે નહીં.

ડિમર્જર દ્વારા મેળવેલા શેર પર કોઈ મૂડી લાભ કર લાગશે નહીં. જ્યારે તમે CV અથવા PV શેર વેચો છો ત્યારે જ કર લાગુ થશે. હોલ્ડિંગ સમયગાળો ટાટા મોટર્સના જૂના શેરની ખરીદી તારીખથી ગણવામાં આવશે. જો 12 મહિનાથી વધુ સમય માટે રાખવામાં આવે તો, LTCG કર 12.5% (1.25 લાખથી વધુના લાભ પર) લાગુ થશે.

ડિમર્જર શા માટે કરવામાં આવ્યું?

કંપની કહે છે કે બંને વ્યવસાયો અલગ અ લ ગ વૃદ્ધિ ચક્રમાં છે. સીવી વ્યવસાય 37% થી વધુ બજાર હિ સ્સો ધરાવે છે, જ્યારે પીવી વ્યવસાય ઈવી અને જેએલઆર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વિભાજન સ્વતંત્ર સંચાલન, મૂડી ફાળવણી અને વૃદ્ધિની તકો બંને પ્રદાન કરશે. ચેરમેન એન ચંદ્રશેખરને જણાવ્યું હતું કે આનાથી ઈવી, સ્વાયત્ત વાહનો અને સોફ્ટવેરમાં સિનર્જી વધશે.

આગળ શું થશે?

આવતીકાલે લિસ્ટિંગ પછી, સીવી યુનિટની સરખામણી અશોક લેલેન્ડ જેવા શુદ્ધ સીવી ખેલાડીઓ સાથે કરવામાં આવશે.

ટાટા મોટર્સના પીવી યુનિટની સરખામણી મારુતિ અને મહિન્દ્રા જેવી કંપનીઓ સાથે કરવામાં આવશે.

ટાટા મોટર્સની બંને કંપનીઓની અલગ-અલગ ડિવિડન્ડ પોલિસી હશે.

વિશ્લેષકો- ડિમર્જર મૂલ્યને અનલૉક કરશે અને શેરધારકોને લાભ આપશે.

# 'માર્કેટ ભયાનક રીતે ક્રેશ થશે, હું 1971થી સોનું...', રોબર્ટ કિયોસાકીએ જણાવી ભવિષ્યની રણનીતિ?

મુંબઈ, તા.11

રોકાણકાર, ઉદ્યોગસાહસિક, નાણાકીય શિક્ષણના હિમાયતી અને 'રિચ ડેડ પુઅર ડેડ' પુસ્તકના લેખક રોબર્ટ કિયોસાકી સોશિયલ મીડિયા પર નિયમિતપણે રોકાણકારોને માર્ગદર્શન અને સલાહ આપતા રહે છે. તેમની પોસ્ટ્સમાં સોનું, ચાંદી અને બિટકોઈન જેવા રોકાણોનું મહત્ત્વ હંમેશા વધારે જોવા મળે છે.

તાજેતરમાં, તેમણે ફરી એકવાર તેમની X પોસ્ટ દ્વારા એક સખત ચેતવણી આપી છે, જેમાં તેમણે બજારમાં મોટો ક્રેશ આવવાની આગાહી કરી છે. જોકે, આ ચેતવણી આપતાની સાથે જ તેમણે જણાવ્યું કે, 'હું વર્ષ 1971થી જ સોનામાં રોકાણ કરી રહ્યો છું અને હાલમાં પણ તેને વેચવાને બદલે, વધુ ખરીદી કરવાનું ચાલુ રાખું છું.'

રોબર્ટ કિયોસાકીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'ક્રેશ આવી રહ્યો છે અને હું સોનું વેચી નથી રહ્યો, પરંતુ ખરીદી રહ્યો છું. સોના માટે મારો લક્ષ્યાંક ભાવ $27,000 છે. આ લક્ષ્યાંક કિંમત મને મારા મિત્ર જિમ રિકાર્ડ્સ પાસેથી મળી છે અને



મારી પાસે સોનાની બે ખાણો પણ છે.' લેખકના મતે, તેમણે વર્ષ 1971માં સોનું ખરીદવાનું શરૂ કર્યું હતું, જે વર્ષે પ્રમુખ નિક્સને યુએસ ડૉલરને ગોલ્ડ સ્ટાન્ડર્ડમાંથી હટાવ્યો હતો. રોબર્ટે કહ્યું કે, 'નિક્સને ગ્રેશમનો નિયમ તોડ્યો હતો, જે જણાવે છે કે જ્યારે સિસ્ટમમાં ફેક ચલણ દાખલ થાય છે.

કિયોસાકીએ વર્ષ 2026 માટે બિટકોઈન માટે પણ નવો લક્ષ્યાંક સેટ કર્યો છે, જે $2,50,000 છે. જ્યારે, ચાંદી માટે આ લક્ષ્યાંક $100 છે. તેમણે એથેરિયમ નામની અન્ય એક ક્રિપ્ટોકરન્સીમાં પણ રોકાણ કરવાની સલાહ આપી છે, જેના માટે તેમણે $60નો લક્ષ્યાંક આપ્યો છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ કોન્ટ્રાક્ટ અને MPS યુનિટ્સ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓ અને મલ્ટી પર્પઝ સ્ટોલ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|
| ADI-CTG-10-25 | કેટરીંગ કોન્ટ્રાક્ટ | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૬-૧૧-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે. |
| ADI-MPS-06-25 | MPS કોન્ટ્રાક્ટ | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૬-૧૧-૨૦૨૫ ના ૧૩:૦૦ કલાકે શરૂ થશે. |

નોંધઃ પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે.

ADI-194

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ગુજરાત ATSની પૂછપરછમાં ઘટસ્ફોટ, આતંકીઓએ અમદાવાદમાં રેકી કરી હતી

## મુખ્ય ટાર્ગેટ લખનઉનું RSS મુખ્ય કાર્યાલય હતું, દિલ્હીના આઝાદ મેદાન આજુબાજુના ફોટા-વીડિયો કેપ્ચર કર્યા હતા

**અમદાવાદ, તા.11**

ગુજરાત ATSએ ઝડપેલા 3 આતંકવાદીની પૂછપરછમાં મોટા ઘટસ્ફોટ થયા છે. આતંકવાદીઓએ અમદાવાદના નરોડામાં ફ્રૂટ્સ માર્કેટ આજુબાજુના વિસ્તારની રેકી કરી હતી. આ ઉપરાંત મુખ્ય ટાર્ગેટ લખનઉનું RSS મુખ્ય કાર્યાલય હતું, એની પણ રેકી કરવામાં આવી હતી. તેમણે દિલ્હીના આઝાદ મેદાન આજુબાજુના વિસ્તારોની પણ રેકી કરી એના ફોટા અને વીડિયો પણ કેપ્ચર કર્યા હતા. આ અંગે હાલ ATSની ટીમ તપાસ કરી રહી છે. ATSના DySP શંકર ચૌધરી અને કે. કે. પટેલને બાતમી મળી હતી કે હૈદરાબાદથી એક આતંકવાદી અમદાવાદમાં હથિયારો કલેક્ટ કરવા આવ્યો છે, જેથી ટીમ કામે લાગી હતી અને અડાલજ ટોલનાકા પાસેથી પ્લાન બનાવી ગાંધીનગર પોલીસની મદદથી હૈદરાબાદથી આવેલા આતંકવાદી ડો. એહમદ મોહ્યુદ્દીન સૈયદને ઝડપી લીધો હતો. તેની ગાડીમાંથી ત્રણ વિદેશી ઓટોમેટિક ગન અને 30 કારતૂસ મળી હતી. તેને હથિયાર આપવા માટે આવેલા ઉત્તરપ્રદેશના બે આતંકવાદી સુહેલ અને આઝાદ સુલેમાનને પણ પોલીસે પાલનપુરથી ઝડપી લીધા હતા. હાલ તમામ આતંકવાદીઓની ATS પૂછપરછ કરી રહી છે.

આતંકીઓની પૂછપરછમાં સામે આવ્યું કે આતંકી ડો. મોહ્યુદ્દીન દોઢેક મહિના પહેલાં પણ અમદાવાદ આવ્યો હતો અને એક પાર્સલમાં રૂપિયા લઈને પરત ગયો હતો. મોહ્યુદ્દીન માટે હનુમાન ગઢથી હથિયાર લઈને આવેલા ઉત્તરપ્રદેશના સુહેલ તથા આઝાદ સુલેમાનને ચોક્કસ જગ્યાએથી હથિયાર કલેક્ટ કરીને કલોલ પહોંચવાનો આદેશ મળ્યો હતો. હથિયાર જે-તે સ્થળે કોણે મૂક્યાં હતાં? એની તપાસ ચાલે છે. પ્રાથમિક તપાસમાં તપાસ એજન્સી એવા તારણ પર પહોંચી છે કે



હનુમાન ગઢ પાકિસ્તાની બોર્ડર સાથે જોડાયેલો જિલ્લો છે, જેને પગલે ડ્રોનથી હથિયાર બોર્ડર ક્રોસ કરાવીને મોકલ્યાં હતાં, જ્યાંથી આતંકવાદીઓના માણસે એ હથિયારો ચોક્કસ જગ્યાએ મુકાવ્યાં હતાં. ડો. મોહ્યુદ્દીન અને તેના એક્સપર્ટ માણસોની ટીમ દ્વારા સાયનાઇડ કરતાં પણ ઘાતકી રાઈઝિન નામનું ઝેર તૈયાર કરવામાં આવી રહ્યું હતું, જેના મારફત તેઓ મોટો નરસંહાર કરવાનું પ્લાનિંગ કરી રહ્યા હતા. તેઓ પાઉડર ફોમમાં ખાવા-પીવાની વસ્તુઓમાં અને લિક્વિડ ફોમમાં પાણીમાં ભેળવી દઈને મોટો અંજામ આપવા માગતા હતા, જે પહેલા જ તેમને ઝડપી લેવામાં આવ્યા છે. એશિયાના ઘણા દેશોમાં ઈસ્લામિક સ્ટેટ ખોરસન પ્રોવિન્સ નામનું આતંકવાદી સંગઠન એક્ટિવ છે. અફઘાનિસ્તાનમાં બેઠેલો તેમનો લીડર આબુ ખજેદા તમામ આતંકવાદીઓ જુદા-જુદા આદેશ આપી કામ કરાવતો હતો. આ સંગઠનના આતંકવાદીઓ ગુજરાત સહિત દેશભરમાં સક્રિય છે, હવે તેમની તપાસ ચાલી રહી છે. અગાઉ પણ ગુજરાતમાં આ આતંકવાદી સંગઠનના માણસોને ઝડપી લેવામાં આવ્યા હતા.

7 નવેમ્બર, શુક્રવારે સવારે ગુજરાત ATS પાસે માહિતી આવી હતી કે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલો અહેમદ મોહ્યુદ્દીન સૈયદ નામનો એક શંકાસ્પદ શખસ ગુજરાત આવ્યો છે. એના પછી ATSની ટીમે બાતમીને વેરિફાઇ કરી અને ટેક્નિકલ એનાલિસિસ કરીને તેની મૂવમેન્ટ ચેક કરી. સવારથી રાત સુધી ચાલેલી આ મથામણમાં પહેલા તો કોઈ ખાસ સફળતા ન મળી, પણ રાત્રે 9 વાગ્યા આસપાસ અહેમદ મોહ્યુદ્દીનની મૂવમેન્ટ કલોલ તરફ જોવા મળી, જેથી ATSની ટીમે તેને ઝડપી લેવાનો પ્લાન બનાવ્યો હતો.

ગાંધીનગર અને પાલનપુરમાંથી ઝડપાયેલા ISISના 3 આતંકવાદી અંગે એક પછી એક ચોંકાવનારા ઘટસ્ફોટ સામે આવી રહ્યા છે. આ ત્રણેય આતંકીને તેમના આકા આગળ શું કરવાનું છે એની માહિતી એકસાથે આપવાને બદલે ટુકડે ટુકડે આપતા હતા. ત્રણેય આતંકી સોશિયલ મીડિયાથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા અને આપણે બદલો લેવાનો છે, આપણે કંઈક કરવું જોઈએ, ઘણા મુસ્લિમોને ભેગા કરવાના છે એવી વાતો કરતા હતા. આતંકી આઝાદ સુલેમાન શેખ અને મહમ્મદ સુહેલે અગાઉ અમદાવાદના સંવેદનશીલ વિસ્તારો અને ભીડભાડવાળી જગ્યાની રેકી કરી હતી. ગુજરાત ATSએ ચાર મહિના પહેલાં અલકાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી હતી. આ ચારમાં બે વ્યક્તિ ગુજરાતના અમદાવાદ અને મોડાસાના હતા, જ્યારે બે વ્યક્તિ દિલ્હી અને નોઈડાની હોવાનું સામે આવ્યું હતું. અલ-કાયદાના દક્ષિણ એશિયા ક્ષેત્ર સાથે જોડાયેલા AQIS(અલ-કાયદા ઈન ઈન્ડિયા સબકોન્ટિનેન્ટ)ની વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તેઓ સોશિયલ મીડિયા અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલ-કાયદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હતા.

# તથ્ય પટેલ સામે 3 સપ્તાહમાં ચાર્જ ફ્રેમ કરવા સુપ્રીમનો હુકમ

## અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં 18 નવેમ્બરે ચાર્જ ફ્રેમ થશે, ઈસ્કોન બ્રિજ પર 9 લોકોના મોત નિપજાવ્યા'તા

**અમદાવાદ, તા.11**

વર્ષ 2023માં 20 જુલાઈની રાત્રે અમદાવાદમાં બેફામ સ્પીડે જેગુઆર કાર દોડાવી ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જી 9 લોકોના મોત નિપજાવનારા તથ્ય પટેલ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે 3 સપ્તાહમાં ચાર્જ ફ્રેમ કરવા અને સાક્ષીઓના નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો છે. મહત્વનું છે કે, આ પ્રક્રિયાના કારણે તથ્ય પટેલે હાઈકોર્ટમાં કરેલી ડિસ્ચાર્જ અરજી પર કોઈ અસર થશે નહીં. હવે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં તથ્ય પટેલ સામે 18 નવેમ્બરે ચાર્જ ફ્રેમની પ્રક્રિયા થઈ શકે છે. ત્યારબાદ સાક્ષીઓની જુબાની શરૂ થશે.



આ અકસ્માતમાં 9 લોકોના મૃત્યુ ઉપરાંત કુલ 12 લોકો ઘાયલ થયા હતા. હજુ પણ એક વ્યક્તિ કોમામાં છે. તથ્યે 141 કિલોમીટર જેટલી ઝડપે ગાડી હંકારી હતી. આ ઘટનાને બે વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. તથ્યને સેશન્સ કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ ક્યાંયથી પણ જામીન મળ્યા નથી. આ ઘટના અને તથ્યને જેલમાં બંધ થયાને 2 વર્ષ પૂર્ણ થયા છે. આરોપી સામે IPC 304 લાગે કે 304 A લાગે તેની રિવિઝન અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. આ બનાવ 20 જુલાઈ 2023નો છે. જેમાં આરોપી સામે 7 દિવસમાં ચાર્જશીટ ફાઈલ થઈ હતી અને સાહેદોના CRPC 164 મુજબ મેજિસ્ટ્રર સમક્ષ નિવેદન લેવાયા હતા.

જો અરજદારની રિવિઝન અરજી મંજૂર થાય તો તેની ઉપર લાગેલી કલમો પૈકીની સજા જેલમાં કાપી લીધી છે. રિવિઝન અરજીમાં વધુ સુનવણી ન થાય ત્યાં સુધી, હાઈકોર્ટે તથ્યને ચાર્જફ્રેમ વિરુદ્ધ વચગાળાની રાહત યથાવત રાખી હતી. વળી પીડીતોએ આ કેસમાં વધુ તપાસ માટે અરજી કરી છે, જે પેન્ડિંગ છે. તથ્ય અત્યાર સુધીમાં બે વખત હંગામી જામીન ઉપર પોલીસ જાપ્તા સાથે બહાર આવેલ છે. જેમાં એક વખત તેના દાદાનું નિધન થયું હતું, જ્યારે બીજી વખત તેની માતાના ઓપરેશનની તારીખ હતી.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારની જાહેરાત મુજબ તથ્ય પટેલ સામે અકસ્માતના ફક્ત 7 દિવસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવી હતી. જો કે તેને તેની ઉપર લાગેલી કેટલીક કલમોમાંથી ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી હતી. જેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દેતા તેને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. જેની ઉપર હજી સુધી ચુકાદો ન આવતા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તેની સામે ચાર્જફ્રેમ થઈ શક્યો નહોતો કે જેથી આગળ ટ્રાયલ પણ ચાલતી નહોતી.

19મી જુલાઈ, 2023ની મોડીરાત્રે, એટલે કે 20મી જુલાઈના રોજ અમદાવાદ શહેરના ઈસ્કોનબ્રિજ પર તથ્ય પટેલે લોકો પર જેગુઆર કાર ચડાવી દેતાં 9 લોકોનાં મોત થયાં હતાં. આ ઘટનાએ ગુજરાતભરમાં જ નહીં, દેશભરમાં ચર્ચા જગાવી હતી. તથ્ય હાલ સાબરમતી જેલની હવા ખાઈ રહ્યો છે. તથ્ય પટેલ સામે અકસ્માતથી લઈ આજદિન સુધી કોર્ટમાં શું શું થયું તે ગ્રાફિક્સની મદદથી સમજીએ.

# દિલ્હી બ્લાસ્ટ બાદ અમદાવાદ એરપોર્ટ પર એલર્ટ જાહેર...

## મુસાફરોને 3 કલાક પહેલાં એરપોર્ટ પર પહોંચવા સૂચના, ચેક-ઇન સામાન ઉપરાંત 7 કિલો વજનની એક હેન્ડબેગ લઈ જઈ શકાશે

**અમદાવાદ, તા.11**

દિલ્હીમાં કાર બ્લાસ્ટની ઘટના બાદ દેશમાં સુરક્ષાને લઈ સતર્કતા વધારવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરો માટે સુરક્ષા ચેકિંગની પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવી છે. એરપોર્ટ સત્તાવાળાઓએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ પોતાના નિર્ધારિત પ્રસ્થાન સમય કરતાં ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલાં એરપોર્ટ પર પહોંચે, જેથી ચેક-ઈન અને બોર્ડિંગ પ્રક્રિયામાં વિલંબ ન થાય.




ચેક-ઈન સામાન ઉપરાંત ફક્ત 7 કિલો વજનની એક હેન્ડબેગ જ લઈ જઈ શકશે, મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ સરકાર માન્ય ફોટો ઓળખ દસ્તાવેજો સાથે રાખે અને સુરક્ષા કર્મચારીઓને સંપૂર્ણ સહકાર આપે. દરેક મુસાફરને બોર્ડિંગ પહેલાં સુરક્ષા તપાસમાંથી પસાર થવું ફરજિયાત રહેશે. સાથે જ, મુસાફરોને સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાના ચેક-ઈન સામાન ઉપરાંત ફક્ત 7 કિલો વજનની એક હેન્ડબેગ જ લઈ જઈ શકશે.

**મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા**

# ગુજરાતમાં 2.17 કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ, 3.90 કરોડ ફોર્મનું વિતરણ....

**અમદાવાદ, તા.11**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ રાજ્યભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે. ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/



લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે.

હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ 50,963 બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ 5.08 કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી 11 નવેમ્બર 2025ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે 2.17 કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે 3.90 કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા BLO ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે.

# માફીયાઓએ મહિલા અધિકારી ઘેર્યા : ગાળો ભાંડી રેતીનું ડમ્પર છોડાવી ગયા

**ગાંધીનગર, તા.11**

રાજ્યમાં ગેરકાયદે ખનીજ ચોરી કરતા ભૂમાફિયાઓની હિંમત એટલી વધી ગઈ છે કે તેઓ હવે ફરજ પર હાજર સરકારી મહિલા અધિકારીઓ પર હુમલો કરી તેમને બાનમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવી જ એક ઘટના કલોલ તાલુકા પોલીસ મથકની હદ વિસ્તારમાં બની છે. ગાંધીનગર-છત્રાલ હાઈવે પર ભૂસ્તર વિભાગના દેવયાનીબા જાડેજાની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક ગેરકાયદે રીતે રેતી ભરેલું ડમ્પર પકડ્યું. પરંતુ ખનન માફીયાઓ આ ડમ્પર છોડાવીને નાસી છૂટ્યા હતા. ત્યાર બાદ એક્શન-થ્રીલર ફિલ્મને પછાડે એવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ભૂસ્તર વિભાગની ટીમે તેનો પીછો શરૂ કર્યો. આ દરમિયાન ત્રણ શખ્સોએ ખનીજ માફિયાઓની બ્લેક ફોર્ચ્યુનર (GJ-02-EC-2590) અને સફેદ ક્રેટા (GJ-18-BL-3312)એ મહિલા અધિકારીની સરકારી ગાડીને આગળ-પાછળથી ધીમી ગતિએ કોર્ડન કરીને ડમ્પરને ભાગી જવામાં મદદ કરી હતી.આ મહિલા અધિકારી અને તેની ટીમને બાનમાં લઈ ખનીજ માફિયાઓ રેતીનું ડમ્પર છોડાવી નાસી જતા ખનીજ માફિયાઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ખાણ ખનીજ વિભાગના દેવયાનીબા જાડેજાનું સન્માન કર્યું હતું. આમ જે મહિલા અધિકારીનું સન્માન થયું હતું એ જ જાંબાઝ અધિકારીને પાટનગરમાં જ લુખ્ખાઓએ આ રીતે ઘેરી લેતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. જો રાજધાનીમાં ખનીજ માફીયાઓ બેફામ બની રહ્યા હોય તો વિચારો રાજ્યના અન્ય શહેર અને જિલ્લાઓમાં ખનીજ ચોરી કેટલી બેફામ હશે અને તેની સામે તંત્ર પણ લાચાર બની જતું હશે.

મદદનીશ ભૂસ્તર વિભાગની કચેરીમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા દેવયાનીબા મહેન્દ્રસિંહ જાડેજા તેમની ટીમ સાથે ગઈકાલે ગાંધીનગર-છત્રાલ હાઈવે પર રૂટિન ચેકિંગમાં હતા. આ દરમિયાન તેમણે એસીયન ટ્યુબ્સ પ્રાઈવેટ લીમીટેડના ગેટ પાસે GJ-02-BT-8650 નંબરનું 12 ટાયરનું ડમ્પર પકડ્યું હતું . જોકે ડમ્પર પાસે રોયલ્ટી પાસ કે આધાર



પુરાવા નહોતા.જેના પગલે ટીમે ડમ્પરનું વજન કરાવતા 43.44 મેટ્રિક ટન સાદી રેતી મળી આવી.

આ રેતી ચોરી બદલ નિયમ મુજબ રૂ.3,23,212 નો દંડ વસૂલવા માટે ટીમે ડમ્પરને ગાંધીનગર કલેક્ટર કચેરી લઈ જવાની કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારે કલોલ આંબેડકર ત્રણ રસ્તા ઓવરબ્રિજ ઉતર્યા બાદ બે બાઈક પર સવાર ત્રણ શખ્સોએ આવીને ડમ્પર ઊભું રખાવીને 'શેઠ સાથે વાત કરો' તેમ જણાવ્યું હતું. આ સમયે એક લાલ ટી-શર્ટ પહેરેલા શખ્સે સરકારી ગાડી પાસે આવીને મહિલા અધિકારી સહિતની ટીમને ધમકાવી ગાળો બોલી ડમ્પરના ડ્રાઈવરને ગાડી ભગાડી મૂકવા કહ્યું હતું.

ભૂસ્તર વિભાગની ટીમે તેનો પીછો શરૂ કર્યો હતો. ત્યારે ફિલ્મી ઢબે માફિયાઓની બ્લેક ફોર્ચ્યુનર (GJ-02-EC-2590) અને સફેદ ક્રેટા (GJ-18-BL-3312) ગાડીઓએ મહિલા અધિકારીની સરકારી ગાડીને આગળ-પાછળથી ધીમી ગતિએ કોર્ડન કરીને ડમ્પરને ભાગી જવામાં મદદ કરી હતી. બાદમાં કલોલ સઈજ ગામની સીમમાં લક્ષ્મીનગર સોસાયટી તરફ ખાંચામાં ટીમ પહોચી હતી. તે વખતે એક સફેદ કલરની આઈ10 ગાડી (GJ02RB0549) ખાંચાના વળાંક ઉપર ઉભી રહી ગઈ હતી. જેને બહુ હોર્ન મારવા છતાં હટી ન હતી. થોડીવાર બાદ આઈ 10 સાઈડમાં થતાં ટીમ આગળ પહોંચે ત્યાં સુધીમાં લક્ષ્મીનગર સોસાયટી ખાતે રેતી ખાલી કરીને ડમ્પર લઈ ડ્રાઈવર નાસી ગયો હતો. બાદમાં એક મેટાલિક ગ્રે કલરની કિયા ગાડીમાંથી એક શખ્સ આવીને સરકારી ગાડીના કાચ ઉપર થપાટો મારી બીભત્સ ગાળો બોલી ત્યાંથી જતા રહેવાની ધમકીઓ આપવા લાગ્યો હતો. આ ઘટનાથી મહીલા અધિકારી સહિતની ટીમ ફફડી ઉઠ્યા હતા. આ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી ભૂમાફિયાઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભૂસ્તર શાસ્ત્રી પ્રણવ સિંહે જણાવ્યું કે, આ ઘટનાના પગલે કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ તો નોંધાવવામાં આવી છે પરંતુ ભૂ માફિયાઓ સામે કડક કાર્યવાહી ના ભાગરૂપે આ ઘટનામાં સામેલ તમામ વાહનો ને બ્લેકલિસ્ટ કરવા માટે ગાંધીનગર આરટીઓ કચેરીમાં પણ પત્ર લખીને જાણ કરી દેવામાં આવી છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599